ઓક્ટોબર ૨૦૧૭

# દાદાવાણી

કિંમત ₹ ૧૦




અક્રમ એટલે ચોવીશ તીર્થંકરનો ચોખ્ખો માર્ગ, બિલકુલ પ્યોર !

પ્યોરિટી, સહેજેય ઈમ્પ્યોરિટી નહીં, સો ટચનું ગોલ્ડ !

તંત્રી : ડિમ્પલ મહેતા
વર્ષ : ૨૩, અંક : ૨
સળંગ અંક : ૨૬૬
**ઓક્ટોબર ૨૦૧૭**

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :**(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**Printed & Published by**
**Dimple Mehta** on behalf of
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.
**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**કુલ ૨૮ પેજ કવર પેજ સાથે**

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## અક્રમમાં ખપે લક્ષ્મી-વિષય-માનની પ્યૉરિટી

### સંપાદકીય

પરમ પૂજ્ય જ્ઞાની પુરુષ દાદા ભગવાન (દાદાશ્રી)એ આત્મધર્મના સર્વોત્તમ ફોડ સાથે સાથે વ્યવહારધર્મના પણ ઊંડાણમાં ફોડ આપ્યા, જેથી વ્યવહાર અને નિશ્ચયની બન્ને પાંખે સમાંતરે મોક્ષમાર્ગે પ્રગતિ સધાય. જીવન વ્યવહારમાં ધર્મ કે અધ્યાત્મમાં આગળ વધવા માટે પ્યૉરિટીની આવશ્યકતા છે. પણ અત્યારે કાળ એવો છે કે જ્યાં મન-વચન-કાયાની એકતા નથી, ત્યાં પ્યૉર થવાની ભાવના હોવા છતાં પ્યૉરિટી રહી શકતી નથી. હવે આપણને અક્રમ વિજ્ઞાન થકી જ્ઞાન મળ્યું, મોક્ષનો ધ્યેય બંધાયો પણ એ મોક્ષમાર્ગે પ્યૉરિટી હશે તો જ ધ્યેય સાર્થક થશે. હવે આ પ્યૉરિટી કેવી રીતે કેળવી શકાય તેની સચોટ સમજણ દાદાશ્રી થકી ઉદ્‌બોધાયેલ છે, જેનાથી મહાત્માઓને વ્યવહારમાં પ્યૉરિટી કેળવવાની દૃષ્ટિ ખૂલે.

આ કાળમાં વ્યવહારમાં જો સૌથી વિશેષ પ્રાધાન્ય મળ્યું હોય તો તે લક્ષ્મી, વિષય અને માનને ! અક્રમ માર્ગ એટલે પ્યૉરિટીનો માર્ગ ! દાદાશ્રીના જીવન વ્યવહારમાં પ્યૉરિટીના સિદ્ધાંતો એવા સંકળાયેલ હતા કે ધર્મમાં, વેપારમાં, ગૃહસ્થજીવનમાં, લક્ષ્મી, વિષય અને માન સંબંધી જાતે ચોખ્ખા રહી જગતને આદર્શ વ્યવહાર દેખાડ્યો. દાદાશ્રી કહેતા કે પોતે જો વ્યવહારમાં ચોખ્ખો હોય, જ્યાં વિષય-કષાય સંબંધી વિચારેય ના હોય અને સંપૂર્ણ ભીખ ગયા પછી જ આ જગત વાસ્તવિક સ્વરૂપે સમજાય.

તેઓશ્રીએ એમના જીવનમાં અંગત ખર્ચ માટે ક્યારેય કોઈનો એક પૈસો પણ સ્વીકાર્યો નહોતો. પોતાના જ પૈસા ખર્ચીને ગામેગામ સત્સંગ આપવા જતા. સાથે સાથે એમણે પરિણીત હોવા છતાં સ્ત્રી પરિગ્રહથી અપરિગ્રહી બની ગૃહસ્થ વેશે ઉચ્ચત્તમ જ્ઞાનદશા પ્યૉરિટી સાથે પ્રાપ્ત કરી.

યુવાન વયે મોટાભાઈની એક ટકોર મળી કે તારા જેવો માની મેં જોયો નથી. તો એને બધી બાજુએથી ચકાસી, આ માનથી મોક્ષ અટક્યો છે એવું ભાન થતા માન ખૂંચવા લાગ્યું અને ખૂબ જાગૃતિ સહિત માનની ભીખમાંથી પણ મુક્ત થયા. જ્યાં કોઈ પણ પ્રકારની ભીખ નથી, ત્યાં પ્યૉરિટી સાથે આ પરમાત્મ પદ પ્રાપ્ત થાય.

પ્રસ્તુત અંકમાં દાદાશ્રીએ લક્ષ્મી, વિષય અને માનની સામે પ્યૉરિટી પ્રાપ્ત કરવા માટે ચાવીઓ આપી છે, તે વાપરી આ તમામ ભીખોમાંથી મુક્ત થઈ પોતાના સ્વસુખનો અનુભવ થઈ શકે. આ કળિયુગી વ્યવહારનો સમભાવે નિકાલ કરી વીતરાગની વાટે ચાલી શકાય, તેનો સચોટ માર્ગ દાદાશ્રીએ વર્ણવ્યો છે. જે મહાત્માઓને પ્યૉરિટીથી જીવન જીવી અંતિમ ધ્યેય સિદ્ધ કરવા સહાયક થશે, એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# અક્રમમાં ખપે લક્ષ્મી-વિષય-માનની પ્યૉરિટી

## સત્ય પણ કર્માધીન

**પ્રશ્નકર્તા :** જીવનમાં સત્ય એક હોતું નથી. ઘરમાં એક સત્ય હોય, ધંધામાં બીજું સત્ય હોય. ઘણીવાર મારું સત્ય એક જ હોય અને આ ભાઈને બે સત્ય હોય. એમને જીવનનું સત્ય એક હોય અને વેપારનું સત્ય બીજું હોય. જીવનનું સત્ય એટલે ઘરમાં એ ભાઈ જૂઠું ના બોલી શકે અને વેપારમાં સત્ય બોલે તો ચાલે નહીં. મારે પિતા તરીકે જીવનનું મારું આ એક સત્ય જ છે. અને આ ભાઈને બે સત્ય એક રાખવા પોષાય નહીં, એમને બે અલગ અલગ સત્ય હોઈ શકે, તો શું સત્ય બે હોય છે કે સત્ય એક જ હોય ?

**દાદાશ્રી :** હા, બધે સત્ય જુદાં જુદાં હોય. ધંધામાં એક હોય તો બીજે જુદું હોય. એક જ મુશ્કેલી ઊભી થઈ છે. વેપારમાં જે સત્ય છે એ કાળને આધીન છે. સત્યુગમાં કળિયુગના પ્રકારનું સત્ય ન હતું. આજનું સત્ય એ કળિયુગનું સત્ય છે. કળિયુગનું સત્ય એટલે કપટ સાથેનું સત્ય. અને પેલું સત્ય એટલે કપટ રહિતનું સત્ય. એટલે એ કાળને આધીન, સંજોગવશાત્ છે. સંજોગવશાત્ આ બધું વેપારમાં કરવું પડે છે.

## પ્રામાણિકતા એ ભગવાનનું લાઈસન્સ

**પ્રશ્નકર્તા :** આજકાલ પ્રામાણિકપણે ધંધો કરવા જાય તો વધારે મુશ્કેલીઓ આવે છે, એ કેમ એમ ?

**દાદાશ્રી :** પ્રામાણિકપણે કામ કર્યું તો એક જ મુશ્કેલી આવે, પણ અપ્રામાણિકપણે કામ કરશો તો બે પ્રકારની મુશ્કેલીઓ આવશે પ્રમાણિકતાની મુશ્કેલીઓમાંથી છૂટી જવાશે, પણ અપ્રામાણિકતામાંથી છૂટવું ભારે છે. પ્રમાણિકતા એ ભગવાનનું મોટું 'લાઈસન્સ' (પરવાનો) છે. એનું કોઈ નામ ના દે. તમને એ 'લાઈસન્સ' ફાડી નાખવાનો વિચાર થાય છે ?

**પ્રશ્નકર્તા :** ના દાદા, પણ આ પ્યૉરિટીવાળી ભાવના, એમાં થોડી થોડી મહીં ઈમ્પ્યોરિટી પેસી જાય છે.

**દાદાશ્રી :** ભાવનામાં ઈમ્પ્યૉરિટી પેસી જાય એ તો શું થઈ ગયું કહેવાય ? દૂધમાં મીઠું પડ્યા બરાબર.

**પ્રશ્નકર્તા :** તો તો ફાટી જાય !

**દાદાશ્રી :** નહીં, ચા જ ના થાય, યુઝલેસ થઈ જાય. માટે મીઠું ના પડવા દેશો. મારું કહેવાનું, દૂધ ઓછું રાખજો પણ મીઠું ના પડવા દેશો. એટલે ભાવના ઓછી કરજો પણ મીઠું ના પડવા દેશો.

**પ્રશ્નકર્તા :** એ મીઠું કયા સ્વરૂપે પડે ?

**દાદાશ્રી :** આ બધે ખોટું, ઈમ્પ્યૉર એ બધું મીઠા સ્વરૂપે જ પડ્યા કરે. ઈમ્પ્યૉર વિચાર, મનમાં જે ઈમ્પ્યૉરિટી ભાવ એ બધું ઈમ્પ્યૉર, મીઠા સ્વરૂપે.

## ધ્યેય લક્ષમાં રાખી ખેલ ખેલો

**પ્રશ્નકર્તા :** આજનો ટાઈમ એવો છે કે માણસ પોતાના બે છેડા (આવક-જાવક) પૂરા કરી શકતો નથી, એ પૂરા કરવા એને સાચું-ખોટું કરવું પડતું હોય તો એ કરી શકાય ?

**દાદાશ્રી :** એ તો એવું છે ને, કે દેવું કરીને દારૂ પીધા જેવું છે, એના જેવો એ વેપાર છે. કંઈક સારું કરો તો પુણ્ય મળે અને આ ખોટાં કરેલાથી તો અત્યારે તૂટે છે. અત્યારે તૂટે છે, એનું શું કારણ ? એ પાપ છે તેથી આજે ખૂટે છે, તે શાક નથી, બીજું નથી. છતાં હવે જો સારા વિચાર આવતા હોય, જેવા કે ધર્મમાં-દેરાસર જવાના, ઉપાશ્રય જવાના, કંઈક સેવા કરવાના; એવા વિચાર આવતા હોય તો

તે પુણ્યાનુબંધી પાપ છે. આજે પાપ છે, છતાંય એ પુણ્ય બાંધી રહ્યો છે. પણ પાપ હોય ને ફરી પાપ બાંધીએ એવું ના થવું જોઈએ. પાપ હોય, ખૂટતું હોય ને એવું ઊંધું કરીએ તો પછી આપણી પાસે રહ્યું શું ?

**પ્રશ્નકર્તા :** આ તો આખું સર્કલ છે ને ! બ્લોક(બંગલો), છોકરાનું શિક્ષણ, આ બધું રહેવા માટે જરૂરિયાતો, તે અમુક ખોટું ના કરે તો થાય એવું નથી, તો ખોટું કરવું કે નહીં ?

**દાદાશ્રી :** પૂરું થાય કે ના થાય તોય પણ એવું ખોટું તો આપણાથી ના જ થાય.

## સમજો કાયદેસર લક્ષ્મીનો વ્યવહાર

**પ્રશ્નકર્તા :** આ જે લક્ષ્મી કમાય છે તે કેટલા પ્રમાણમાં કમાવી જોઈએ ?

**દાદાશ્રી :** એવું કશું નહીં. આ સવારમાં રોજ નાહવું પડે છે ને ? છતાં પણ કોઈ વિચાર કરે છે કે એક લોટો જ મળશે તો શું કરીશ ? એવી રીતે લક્ષ્મીનો વિચાર ના આવવો જોઈએ. દોઢ ડોલ મળશે એટલું નક્કી જ છે અને બે લોટા એ પણ નક્કી જ છે. એમાં કોઈ વધારે-ઓછું કરી શકતો નથી. માટે મન-વચન-કાયાએ કરીને લક્ષ્મી માટે તું પ્રયત્ન કરજે, ઈચ્છા ના કરીશ. આ લક્ષ્મીજી તો બેંક બેલેન્સ છે. તે બેંકમાં તારા જમા હશે તો મળશે ને ? કોઈ લક્ષ્મીની ઈચ્છા કરે તો લક્ષ્મીજી કહે કે 'તારે આ જુલાઈમાં પૈસા આવવાના હતા તે આવતા જુલાઈમાં મળશે.' અને જો કહે કે 'મારે પૈસા નથી જોઈતા,' એય મોટો ગુનો છે. લક્ષ્મીજીનો તિરસ્કારેય નહીં ને ઈચ્છાય નહીં કરવી જોઈએ. એમને તો નમસ્કાર કરવા જોઈએ. એમનો તો વિનય રાખવો જોઈએ. કારણ કે એ તો હેડ ઑફિસમાં છે. લક્ષ્મીજી કહે છે કે 'જે ટાઈમે જે લત્તામાં (નિયમથી પોતે હાજર) રહેવાનું હોય તે ટાઈમે જ રહેવું જોઈએ અને અમે ટાઈમે ટાઈમે (પૈસા) મોકલી જ દઈએ છીએ. તારા દરેક ડ્રાફ્ટ વગેરે બધા જ ટાઈમસર આવી જશે પણ જોડે મારી ઈચ્છા ના કરીશ. કારણ કે કાયદેસર હોય છે તેને વ્યાજ સાથે મોકલાવી દઈએ છીએ. જે ઈચ્છા ના કરે તેને સમયસર મોકલીએ છીએ.' બીજું લક્ષ્મીજી શું કહે છે કે 'તારે મોક્ષે જવું હોય તો હક્કની લક્ષ્મી મળે તે જ લેજે. કોઈનીય લક્ષ્મી ઝૂંટવીને, ઠગીને ના લઈશ.'

## આવું તે કેમ માની બેઠા છો ?

**પ્રશ્નકર્તા :** લક્ષ્મી ના હોય તો સાધન ના હોય અને સાધન માટે લક્ષ્મીની જરૂર છે. એટલે લક્ષ્મી (રૂપી) સાધન વિના આપણે જે જ્ઞાન લેવા ધારતા હોય તો એ ક્યારે મળે ? એટલે આ લક્ષ્મી એ જ્ઞાનની નિશાળે જવાનું પહેલું સાધન છે, એવું નથી લાગતું ?

**દાદાશ્રી :** ના, લક્ષ્મી એ બિલકુલેય સાધન નથી. જ્ઞાન માટે તો નહીં, પણ એ કોઈ રીતે બિલકુલેય સાધન જ નથી. આ દુનિયામાં જો જરૂરિયાત વગરની વસ્તુ હોય તો તે લક્ષ્મી છે. જરૂરિયાત જે લાગે છે એ તો ભ્રાંતિ અને અણસમજણથી માની બેઠા છે. જરૂરિયાત શેની છે ? હવાની પહેલી જરૂરિયાત છે. જો હવા ના હોય તો તું કહું કે હવાની જરૂરિયાત છે, કારણ કે હવા વગર મરી જવાય છે. લક્ષ્મી વગર મરી ગયેલા જોવામાં આવ્યા નથી. એટલે આ લક્ષ્મી જરૂરિયાત એ સાધન છે એવું કહે છે, એ તો બધી મેડનેસ (ગાંડપણ) છે. કારણ કે બે મિલોવાળાનેય લક્ષ્મી જોઈએ છે, એક મિલવાળાનેય લક્ષ્મી જોઈએ છે, મિલના સેક્રેટરીનેય લક્ષ્મી જોઈએ છે, મિલના મજૂરનેય લક્ષ્મી જોઈએ છે, ત્યારે સુખી કોણ આમાં ? આ તો રાંડેલીય રડે ને માંડેલીય રડે ને સાત ભાયડાવાળીય રડે. આ રાંડેલી તો રડે, તે આપણે જાણીએ કે બઈનો ધણી મરી ગયો છે, પણ આ માંડેલી, 'તું શું કરવા રડે છે ?' ત્યારે એ કહે, 'મારો ધણી નઠારો છે.' અને

સાત ભાયડાવાળી તો મોઢું જ ના ઊઘાડે ! એવી આ લક્ષ્મીની બાબત છે. એટલે કેમ આ લક્ષ્મીની પાછળ પડ્યા છે ? આવું ક્યાં ફસાયા તમે ?

## આમ ક્યાં સુધી ભટકીશું લાલચમાં ?

આખી જિંદગી શક્કરિયું ભરહાડમાં બફાયને, એમ આ મનુષ્યો બફાઈ રહ્યા છે.

**પ્રશ્નકર્તા :** હા, બફારામાં જ જીવે છે.

**દાદાશ્રી :** ના જીવે તો શું કરે ? ક્યાં જાય તે ? આ જીવવાનુંય ફરજિયાત છે પાછું. અને મરવાનુંય કોઈના હાથમાં સત્તા નથી. મરવા જાય ત્યારે ખબર પડશે, પોલીસવાળો પકડીને કેસ કરશે. જેમ જેલમાં ગયેલા માણસને ફરજિયાત બધું કરવું પડે છે ને, એવું આ જીવવાનું ફરજિયાત છે, પૈસાય ફરજિયાત છે.

એટલે લક્ષ્મીની હાય હાય તે હોતી હશે ? અને એની હાય હાય કરીને કોઈ ધરાયો ?

આવું જીવન શા કામનું તે ? લાઈફ તો જોઈએ કે ના જોઈએ ? આખું બ્રહ્માંડ સામું થાય તોય તમને ગભરામણ ના થાય એવું હોવું જોઈએ કે ના હોવું જોઈએ ? તારી પાસે (આત્મવૈભવ રૂપી) બધો જ સામાન છે. જેટલો સામાન મારી પાસે છે એટલો બધો જ સામાન તારી પાસે છે, પણ તને કોઈએ દેખાડ્યો નથી. એટલે એ માલ એમને એમ મહીં બધો આવરણમાં પડ્યો છે. મારા જેવો કોઈ જ્ઞાની મળે ત્યારે પાછું ઊઘાડી આપે, 'લે, તું તારું ખા. હું નિમિત્ત છું.' પોતાનો 'સામાન' જો ભોગવતો હોય તોય સારું, પણ આ તો પારકાં પાસે આશા રાખે કે આ કંઈક આપે તો સારું. અલ્યા, એ પોતે જ લોકો પાસે કંઈક આશા રાખતો હોય એ તને શું આપવાનો છે ? અને તે એવો કોઈ નામદાર જોયો કે જેની પાસે આશા રાખવા જેવી હોય ? અને બહુ માગીએ ત્યારે શરમનો માર્યો પાંચ લાખ આપે પણ ખરો, ત્યારે મહીં માનની ભીખ હોય, કીર્તિની ભીખ હોય, નામની લાલચ હોય ! સંપૂર્ણ ભીખ ગયા પછી જ આ જગત 'જેમ છે તેમ' દેખાય.

## અટકણે લટકણ સંસારમાં

કોઈને વિષયની અટકણ પડેલી હોય, કોઈને માનની અટકણ પડેલી હોય, એવી જાતજાતની અટકણ પડેલી હોય છે. કોઈને 'ક્યાંથી કમાવું, ક્યાંથી કમાવું' એવી અટકણ પડેલી હોય છે. એટલે આવી રીતે પૈસાની અટકણ પડેલી હોય છે, તે સવારમાં ઊઠ્યો ત્યારથી પૈસાનું ધ્યાન રહ્યા કરે ! એય મોટી અટકણ કહેવાય.

**પ્રશ્નકર્તા :** પણ પૈસા વગર ચાલતું નથી ને !

**દાદાશ્રી :** ચાલતું નથી, પણ પૈસા શેનાથી આવે છે તે લોકો જાણતા નથી અને પાછળ દોડ દોડ કરે છે ! પૈસા તો પરસેવાની પેઠે આવે છે. જેમ કોઈને પરસેવો વધારે આવે અને કોઈને પરસેવો ઓછો આવે અને જેમ પરસેવો થયા વગર રહેતો નથી તેવી રીતે આ પૈસા આવે જ છે લોકોને !

## કોણ, કોની પાછળ ?

લક્ષ્મીજી શાથી આવે છે અને શાથી જાય છે તે અમે જાણીએ છીએ. લક્ષ્મીજી મહેનતથી આવતી નથી કે અક્કલથી કે ટ્રિક (યુક્તિ) વાપરવાથી આવતી નથી. લક્ષ્મી શેનાથી કમાવાય છે ? આ લક્ષ્મી તો પુણ્યની કમાણી છે. ગાંડો હોય તોય પુણ્યથી કમાયા કરે.

લક્ષ્મીજી તો પુણ્યશાળી પાછળ જ ફર્યા કરે છે અને મહેનતુ લોકો લક્ષ્મીજીની પાછળ ફરે છે. એટલે આપણે જોઈ લેવું કે પુણ્ય હશે તો લક્ષ્મીજી પાછળ આવશે. નહીં તો મહેનતથી રોટલા મળશે, ખાવાપીવાનું મળશે અને એકાદ છોડી હશે તો પૈણશે. બાકી પુણ્ય વગર લક્ષ્મી ના મળે.

એટલે ખરી હકીકત શું કહે છે કે તું જો પુણ્યશાળી છો તો તરફડિયા શું કરવા મારે છે ?

અને તું પુણ્યશાળી નથી તો પણ તરફડિયા શું કરવા મારે છે ?

પુણ્યશાળી તો કેવો હોય ? આ અમલદારોય ઓફિસેથી અકળાઈને ઘેર પાછા આવેને, ત્યારે બાઈસાહેબ શું કહે, 'દોઢ કલાક લેટ થયા, ક્યાં ગયા હતા ?' આ જુઓ પુણ્યશાળી (!) પુણ્યશાળીને આવું હોતું હશે ? પુણ્યશાળીને એક અવળો પવન ના વાગે. નાનપણથી જ એ ક્વૉલિટી જુદી હોય. અપમાનનો જોગ ખાધેલો ના હોય. જ્યાં જાઓ ત્યાં 'આવો આવો ભાઈ' એવી રીતે ઊછરેલા હોય અને આ તો જ્યાં ને ત્યાં અથડાયો ને અથડાયો. એનો અર્થ શું છે તે ? પાછું પુણ્ય ખલાસ થાય ને એટલે હતા એના એ ! એટલે તું પુણ્યશાળી નથી તો આખી રાત પાટા બાંધીને ફરે, તોય સવારમાં કંઈ પચાસ મળી જાય ? માટે તરફડિયા માર નહીં ને જે મળ્યું તેમાં ખાઈ-પીને સૂઈ રહે ને છાનોમાનો.

## પૈસાની પ્રાપ્તિમાં પુરુષાર્થ ક્યાં ?

**પ્રશ્નકર્તા :** આ પુણ્યની લક્ષ્મી આપણી પાસે આવવાની છે કે નહીં, એના માટે સહજ પુરુષાર્થ તો કંઈક હોવો જોઈએ ને ?

**દાદાશ્રી :** પુણ્યની લક્ષ્મી માટે પુરુષાર્થ કેવો હોય ? આમ સરળ ને સુંવાળો પુરુષાર્થ હોય, આ તો સરળ ને સુંવાળો હોય તેને આપણે અણસમજણથી કઠણ બનાવીએ છીએ. ધીરજ રાખો તો બધું એની મેળે સરળ જ નીકળે છે ! પણ આ તો ધીરજ નથી રહેતી અને દોડધામ કરી મેલે છે ને બધું બગાડે છે.

**પ્રશ્નકર્તા :** એવું છે, ધંધામાં આપણા માથે સ્વાભાવિક રીતે કંઈક તલવારો લટકતી હોય કે ઈન્કમટેક્સ ભરવાનો છે, સેલટેક્સ ભરવાનો છે, પગારો વધારવાના છે, તો એના દબાણને લઈને એ ફાંફાં મારતો હોય કે આમ કરી લઉં ને તેમ કરી લઉં !

**દાદાશ્રી :** તોય કશું વળે નહીં, ફાંફાંવાળાને ફાંફાં જ મારવાના રહે.

**પ્રશ્નકર્તા :** એટલે આપે કહ્યું તેમ ધીરજ પકડે તો એની મેળે ગોઠવણી થઈ શકશે ?

**દાદાશ્રી :** ધીરજથી જ બધું થાય, શાંતિથી બધું આવે. એ ઘેર બેઠાં બોલાવવા આવે. પાછું એવું નહીં કે આપણે બજારમાં ખોળવું પડે. બાકી મહેનત કરીને મરી જાય, બુદ્ધિ વાપરીને મરી જાય તો પણ આજે ચાર આનાય મળે નહીં, અને આવું ક્યાં ઝાલી પડ્યો છે ? આખી દુનિયા લક્ષ્મી પાછળ જ પડી છે !

## નીતિ-પ્રામાણિકતા લાવે પ્યૉરિટી

**પ્રશ્નકર્તા :** લક્ષ્મી શાથી ખૂટે છે ?

**દાદાશ્રી :** ચોરીઓથી. જ્યાં મન-વચન-કાયાથી ચોરી નહીં થાય ત્યાં લક્ષ્મીજી મહેર કરે. લક્ષ્મીનો અંતરાય ચોરીથી છે. ટ્રિક અને લક્ષ્મીને વેર. સ્થૂળ ચોરી બંધ થાય ત્યારે તો ઊંચી નાતમાં જન્મ થાય. પણ સૂક્ષ્મ ચોરી એટલે કે ટ્રિક કરે એ તો હાર્ડ રૌદ્રધ્યાન છે. ટ્રિક તો હોવી જ ના જોઈએ. ટ્રિક કરી કોને કહેવાય ? 'બહુ ચોખ્ખો માલ છે' કહીને ભેળસેળવાળો માલ આપીને ખુશ થાય.

તમારે ધંધો કરવો હોય તો નિર્ભયતાથી કર્યા કરજો, કોઈ ભય રાખશો નહીં અને ધંધો ન્યાયસર કરજો. જેટલું બને એટલું, પોસિબલ (શક્ય) હોય એટલો ન્યાય કરજો. નીતિના ધોરણ ઉપર રહીને પોસિબલ હોય એટલું કરજો, જે ઈમ્પોસિબલ હોય તે નહીં કરતા.

**પ્રશ્નકર્તા :** એ નીતિના ધોરણ કહેવા કોને ?

**દાદાશ્રી :** નીતિનું ધોરણ એટલે તમને સમજાવું. અહીં મુંબઈના એક વેપારી હતા, તે ઘઉંના જ્યારે બહુ ભાવ વધ્યા હતા ને, ત્યારે એ વેપારી એક વેગન ઇંદોરી ઘઉં મંગાવે અને એક વેગન રેતી મંગાવે, બેઉ ભેગું કરીને પછી કોથળા ફરી ભરે. બોલો, હવે એ નીતિ કહેવાય ?

**પ્રશ્નકર્તા :** પણ નીતિ-અનીતિના તો ઘણા સૂક્ષ્મ ભેદો હોય છે, તે ખબર ના પડે.

**દાદાશ્રી :** માણસોને ખાવાની વસ્તુઓ હોય છે, માણસોના શરીરમાં જે જવાની વસ્તુઓ હોય છે, ખોરાક કે દવા, એને માટે તો આપણે બહુ જ નિયમો રાખવા જોઈએ. એવું છે ને કે તમે છેતરીને ચાલીસ રતલને બદલે સાડત્રીસ રતલ આપો, પણ ચોખ્ખું આપો તો તમે ઓછા ગુનેગાર છો. અને જે માણસ ભેળસેળ કરીને ચાલીસ રતલ પૂરું આપે છે એ બહુ જ ગુનેગાર છે. ભેળસેળ ના કરો. ભેળસેળવાળું આપ્યું ત્યાં ગુનો છે. માનવજાતિ ઉપર ભેળસેળ ના હોવું જોઈએ.

જે લોકો અણહક્કનું પડાવી લે છે, અણહક્કનું ભોગવી લે છે, એ બધા અહીંથી બે પગમાંથી ચાર પગમાં જાય છે ને પૂંછડું વધારાનું મળે છે. પ્રામાણિકપણું જોડે જોઈએ જ. પ્રામાણિકપણાથી માણસ ફરી માણસ થઈ શકે છે.

## અનીતિ-અપ્રામાણિકતાનું પરિણામ શું ?

એવું છે ને, હિતાહિતનું સાધન પોતાને શું કરવું જોઈએ એ જીવે કોઈ દહાડોય સાંભળ્યું નથી. પોતાનું હિત શેમાં અને અહિત શેમાં એનું ભાન જ નથી થયું. પોતે પોતાનું હિતાહિતનું સાધન લોકોનું જોઈને કરે છે. લોકો પૈસા પાછળ પડે છે. પૈસા લાવીશ તો સુખી થઈ જઈશ, પણ કંઈ એનું હિત થતું નથી. 'બાય, બોરો ઓર સ્ટીલ, (ખરીદો, ઉછીનું લાવો અથવા ચોરી કરો) એ રીતથી પૈસા લાવે એ ચાલે નહીં. ગમે તે રસ્તે પૈસા લાવે એ ચાલે ? કંઈ નીતિમય તો હોવું જોઈએ ને ? નીતિમય પૈસા લાવ્યા તો એનો વાંધો નથી. પણ અનીતિમય પૈસા લાવ્યા એટલે પોતાના જ પગ પર કુહાડો માર્યો અને નનામી કાઢે તે ઘડીએ પૈસા અહીં પડી રહેવાના. એ કુદરતની જપ્તીમાં જાય અને પોતે ત્યાં આગળ જે ગૂંચો પાડેલી તેનું પાછું ભોગવવું પડે.

સાચે રસ્તે જવું. એમાં અંદર શાંતિ રહેશે. ભલે બહાર પૈસા નહીં હોય, પણ અંદર શાંતિ ને આનંદ રહેશે. ખોટા રસ્તાનો પૈસો ટકેય નહીં અને અંદર દુઃખી-દુઃખી કરે. એટલે ખોટે રસ્તે જવું જ નહીં, એમ નક્કી કરવું અને બધાંને સુખ આપશો તો સુખ મળશે. દુઃખ આપશો તો દુઃખ મળવાની શરૂઆત થઈ.

## નિર્મળ લક્ષ્મીએ ક્લેશ બંધ

**પ્રશ્નકર્તા :** કેટલાકના ઘરમાં લક્ષ્મી જ એવા પ્રકારની હશે એટલે ક્લેશ થતો હશે ?

**દાદાશ્રી :** આ અનીતિની લક્ષ્મીને લીધે જ આવું થાય છે. હંમેશાં જો લક્ષ્મી નિર્મળ હોય તો બધું સારું રહે, મન સારું રહે. આ લક્ષ્મી માઠી પેઠી છે તેનાથી ક્લેશ થાય છે. અમે નાનપણમાં નક્કી કરેલું કે બનતાં સુધી ખોટી લક્ષ્મી પેસવા જ ના દેવી. તે આજે (અમને) છાસઠ વર્ષ થયા પણ ખોટી લક્ષ્મી પેસવા નથી દીધી. તેથી તો ઘરમાં કોઈ દહાડો ક્લેશ ઊભો થયોય નથી. ઘરમાં નક્કી કરેલું કે આટલા પૈસાથી ઘર ચલાવવું. ધંધામાં લાખ રૂપિયા કમાય પણ આ 'પટેલ' સર્વિસ કરવા જાય તો શું પગાર મળે ? બહુ ત્યારે છસો-સાતસો રૂપિયા મળે. ધંધો એ તો પુણ્યના ખેલ છે. માટે નોકરીમાં મળે એટલા જ પૈસા ઘેર વપરાય, બીજા તો ધંધામાં જ રહેવા દેવાય. ઈન્કમટેક્સવાળાનો કાગળ થાય તે આપણે કહેવું, 'પેલી રકમ હતી તે ભરી દો.' ક્યારે કયો એટેક આવે તેનું કશું ઠેકાણું નહીં. અને જો પેલા પૈસા વાપરી ખાય તો ત્યાં 'ઈન્કમટેક્સવાળાનો એટેક' આવ્યો તો આપણે મહીં પેલો (હાર્ટ) 'એટેક' આવે. બધે એટેક પેસી ગયા છે ને ? આ જીવન કેમ કહેવાય ? તમને કેમ લાગે છે ? ભૂલ લાગે છે કે નથી લાગતી ? તે આપણે ભૂલ ભાંગવાની છે.

## 'જ્ઞાની' આઉટ ઑફ બાઉન્ડ્રીમાં

અમારે તો બધું પાસે હોવા છતાંય નહીં ભોગવવાનું. પોતાની પાસે હોવા છતાંય અમારે

વિચાર ના ઉત્પન્ન થાય ને પેલાની પાસે નથી એટલે એને વિચાર ઉત્પન્ન થતો નથી.

જ્યાં સુધી લાંચના પૈસા આપનાર કોઈ આવેલો નથી, ત્યાં સુધી લાંચના વિચાર ના આવે. ત્યાં સુધી એવો એવિડન્સ ઊભો નથી થયો. અને એવા કડક માણસોય છે, કે જે આપવા આવે તોય ના લે. પણ તે ચોખ્ખા એની બાઉન્ડ્રીમાં કહેવાય. આઉટ ઑફ બાઉન્ડ્રી મનુષ્ય રહી શકે નહીં, એ તો જ્ઞાની પુરુષનું જ કામ. જે દેહથી પર થયેલા હોય, દેહાતીત થયેલા હોય, બીજાનું કામ નહીં.

## લેનાર પોતે જ થાય નાદાર

આ બધા કંઈ સુખી છે ? મૂળ તો દુઃખી છે લોકો અને એની પાસે રૂપિયા લો છો ? દુઃખ કાઢવા માટે તો ગુરુ પાસે જાય છે ને ત્યારે તમે એના રૂપિયા લઈને એનું દુઃખ વધારો છો ! એક પઈ પણ ના લેવાય. બીજા પાસે કંઈ પણ લેવું એનું નામ જુદાઈ કહેવાય અને તેનું નામ જ સંસાર. એમાં જ એ ભટકેલો છે. જે લેનાર માણસ છે એ ભટકેલો કહેવાય. એને પારકો જાણે છે માટે એ પૈસા લે છે.

આ દુનિયાની કોઈ પણ ચીજ, એક રૂપિયો પણ જો હું વાપરું તો હું એટલો નાદારીમાં જઉં. ભક્તોની એક પઈ પણ ના વપરાય. આ વેપાર જેણે કાઢ્યા છે એ પોતે નાદાર સ્ટેજમાં જશે. એટલે જે કંઈ એની આ સિદ્ધિ પ્રાપ્ત છે, એ ખોઈને જતા રહેશે. જે થોડી ઘણી સિદ્ધિ પ્રાપ્ત થઈ તેના આધારે માણસો બધા ભેગા થતા હતા. પણ પાછી સિદ્ધિ ખલાસ થઈ જાય. કોઈ પણ સિદ્ધિનો દુરુપયોગ કરો તો સિદ્ધિ ખલાસ થઈ જાય.

અનંત અવતારથી આનું આ જ કરેલું ને ? અને આનાથી જ, લોભથી જ મારે શાંતિ રહે છે ને સુખ થાય છે એવું એને મનમાં ફિટ થઈ ગયેલું. હવે એ લોભેય કોઈ ફેરો માર ખવડાવે છે. આત્મા થયો ત્યારે પછી પેલો લોભ છૂટતો જાય. અત્યાર સુધી છેલ્લું સ્ટેશન લોભ હતો, હવે છેલ્લું સ્ટેશન આત્મા આવ્યો એટલે એની મેળે પ્રવૃત્તિ બદલાતી જાય !

એટલે પ્યૉરિટિ હોવી જોઈએ. આખા વર્લ્ડની ચીજો અમને આપે તો અમને એની જરૂર નથી. આ વર્લ્ડનું સોનું અમને આપે તોય એની જરૂર નથી. આખા વર્લ્ડના રૂપિયા આપે તોય અમારે જોઈતા નથી. સ્ત્રીસંબંધી તો વિચાર જ ના આવે. એટલે આ જગતમાં કોઈ પણ પ્રકારની અમને ભીખ નથી. આત્મદશા સાધવી, એ કંઈ સહેલી વાત છે ?

## સાચા સમર્પણે થવાય આત્મરૂપ

તમે જે પામવા માગો છો તે મારી પાસેથી ક્યારે પામો ? મારી નજીક ક્યારે આવી શકાય ? તમારી વહાલામાં વહાલી ચીજ મને અર્પણ કરો ત્યારે. સંસારમાં, વ્યવહારમાં જે વહાલી ચીજ છે તે મને અર્પણ કરો તો નજીક આવી શકાય. તમે આ મન-વચન-કાયા મને અર્પણ કર્યા, પણ હજુ એક ચીજ બાકી રહી ગઈ, લક્ષ્મી ! એ તમે અર્પણ કરો તો નજીક આવી શકાય. હવે મારે તો જરૂર ના હોય. એટલે અમને કેમની અર્પણ કરો ? ત્યારે કહે કે એવો કંઈ રસ્તો નીકળે તો અર્પણ કરી શકાય ! એટલે આ ગઈ સાલ તમે (જ્ઞાનદાનમાં) લક્ષ્મી આપી ત્યારથી તમારું વધારે ચોંટ્યું એવું તમને લાગે છે ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** એ જ કળા આની (ચોંટાડવાની), નહીં તો ચોંટે નહીં. છૂટું ને છૂટું જ રહ્યા કરે. હવે આપણે ત્યાં તો પૈસા લેવા માટેનું કશું હતું જ નહીં ને ! આપણે તો લેતા જ ન હતા ને ! ત્યાં સુધી મન છેટું ને છેટું જ રહ્યા કરે. પૈસા (દાનમાં આપવા)ની બાબત આવી એટલે ત્યાં ચોંટ્યું હોય મન, નહીં તો મન ત્યાંથી ઊખડી જાય. જ્ઞાની પુરુષ ઉપર લોકોની પ્રીતિ હોય, એટલે જ્ઞાની પુરુષ કહે કે તું આમ બહાર (સત્કાર્યમાં) નાખી દે ! લક્ષ્મી ઉપરનો પ્રેમ ઘટ્યો કે આત્મા થઈ ગયો !

હવે અમે વાતચીત કરી એ પ્રમાણે તમે બધું ગોઠવી દેશો તો (લોભ) બધું નીકળી જશે. દાદાના આધારે કર્યું એટલે સર્વ આધાર તૂટી ગયા, ત્યાં જ આત્મા ચોંટેલો હતો. એ બધા (સંસારના) આધાર તૂટી ગયા અને (એટલે) તેને સંસારના ભય છૂટ્યા. એટલે આત્મામાં રહે પછી. આત્મા જો આત્મામાં આવી ગયોને તો છૂટ્યો!

## જ્ઞાનીની ખટપટ તોડે લોભની ગાંઠ

એવું છે, હૃદય ખુલ્લું કરવું પડે તમારું. પછી રૂપિયા દાબી રાખીએ અને આમ મોક્ષ જોઈતો હોય ! શ્રીમદ્ રાજચંદ્રે પુસ્તકમાં લખ્યું કે જ્ઞાની પુરુષની તન-મન અને ધનથી સેવા કરો. ત્યારે એક જણે પૂછ્યું કે 'સાહેબ, જ્ઞાની પુરુષને વળી ધન શું કરવું છે ?' ત્યારે કહે, 'એ ધન અડે નહીં.' આ હું તો કપડાં મારા ઘરનાં, મારા પોતાના વેપારના પહેરું છું. મેં એક પઈ લીધેલી નથી કે મારી જોડે બધા સેવા કરે છેને, તેમણે લીધી નથી. હવે ત્યારે એ કહે, 'ધન શેને માટે ?' ત્યારે કહે, 'ધનની જ્યાં સુધી ગાંઠ, એની જે લોભની ગાંઠ તૂટે નહીં ત્યાં સુધી મુક્તિ થાય નહીં.' માટે લોભની ગાંઠ તોડાવવા માટે એ કહે કે 'અહીં આ જગ્યાએ વાપરજો આટલા.' હોય એને કહે, ના હોય તેને તો કહે નહીં ને ! હોય એને કહે કે તું અહીં આ જગ્યાએ વાપરજે.

## ભગવાન કાજે લક્ષ્મી ધરો

તમે પૈસા બધા કમાવામાં નાખો, જ્યારે હું કહું કે પૈસા (સત્કાર્યમાં) વેરી દો અહીંથી અને હું તો અડું નહીં પૈસા. પૈસા એ સંપૂર્ણ સત્ય નથી, એ સાપેક્ષ સત્ય છે. આ સોનું મને આપો તો મારે કામનું જ નહીં. મુંબઈમાં બધી બહેનોએ અછોડા કાઢી આપ્યા તો મેં કહ્યું કે 'મારે કામનું નહીં. તમારે જો મોહ હોય તો રહેવા દેજો. મારે કંઈ તમારા જોઈતા નથી.' ત્યારે કહે, 'અમે આટલો ભાવ કર્યો છે, તે આપી દેવું છે.' તો મેં કહ્યું કે 'તમારી મરજીની વાત.' 'સીમંધર સ્વામી ભગવાનના મુગટ કરવા માટે એનો ભાવ કર્યો છે.' તો મેં કહ્યું, 'આપી દો તમે.' બાકી અમારે કશું જોઈએ નહીં.

જેને કશું જોઈતું નથી, જેને કશી વાંછના નથી, કોઈ ચીજના ભિખારી નથી, ત્યાં તમારું કામ કાઢી લો.

## જ્ઞાનીને નહીં સ્પૃહા કોઈ ચીજની

આ તો પૈસા ભેગા કરવાની ઈચ્છા માણસને શાથી થાય છે ? કંઈ પણ ચેન ના પડે એટલે, ગમે તે બાજુ ઢળી પડે. પૈસામાં પડી રહે કે વિષયોમાં ઢળી પડે. જો આવો જ્ઞાનનો આનંદ હોય ને, તો તૃપ્તિ જ હોય એને. પછી ક્રોધ-માન-માયા-લોભ રહે જ નહીં એને. આ તો આનંદ ના હોવાથી જ બિચારા લક્ષ્મી તરફ ઢળી પડ્યા છે ! સ્વરૂપનું 'જ્ઞાન' થાય ત્યાર પછી જ લોભ જાય.

જ્યાં કોઈ જાતની જરૂરિયાત ના હોય, પૈસાની જરૂર ના હોય, પોતાના આશ્રમ વધારવાની કે પોતાનું નામ મોટું કરવાની જરૂર ના હોય, એવા માણસ હોય તો વાત જુદી છે. એવા માણસ એક્સેપ્ટેડ (સ્વીકાર્ય) છે. એ દુકાનને 'દુકાન' કહીએ તોય ત્યાં લોકો લાભ પામે. પછી ત્યાં આગળ જ્ઞાન ના હોય તોય તેનો વાંધો નથી પણ માણસ ચોખ્ખા હોવા જોઈએ, પ્યૉર હોવા જોઈએ. ઈમ્પ્યૉરિટીમાં કોઈ દહાડોય કોઈ કશું પામે નહીં.

હું આ દુનિયાના દુઃખો લેવા આવ્યો છું. તમારા સુખ તમારી પાસે રહેવા દો. એમાં તમને વાંધો ખરો ? તમારા જેવા અહીં પૈસા આપે તો મારે પૈસાનું શું કરવાનું ? તમારા પૈસા તમારી પાસે રહેવા દો, એ તમને કામ લાગશે. જ્યાં જ્ઞાની હોય ત્યાં પૈસાની લેવડદેવડ ના હોય. જ્ઞાની તો ઊલટાં તમારા બધા દુઃખો કાઢવા માટે આવ્યા હોય, દુઃખ ઊભા કરવા માટે ના આવ્યા હોય.

હું લક્ષ્મી લઉં, તો લોકોય ભિખારી ને હુંય ભિખારી, તો પછી 'જ્ઞાની પુરુષ'માં ને લોકોમાં ફેર

શો રહ્યો ? લક્ષ્મી કે વિષયો ધર્મમાં ના પેસવા જોઇએ. લક્ષ્મી હોય ત્યાં આગળ ચારિત્ર હોઈ શકે નહીં.

### વ્યવહાર ચારિત્ર કેવું હોવો ઘટે ?

**પ્રશ્નકર્તા :** લક્ષ્મી હોય ત્યાં ચારિત્ર ના હોય એ કેવી રીતે ?

**દાદાશ્રી :** એ ચારિત્ર જ ના કહેવાય.

**પ્રશ્નકર્તા :** પણ એમાં સદ્‌વ્યવહારેય થાયને ?

**દાદાશ્રી :** નહીં. સદ્ (સદ્‌વ્યવહાર) કરે ત્યારથી જ દુર્વ્યવહાર ચાલુ થાય. સદ્‌ય નહીં ને અસદ્‌ય નહીં, એવો વ્યવહાર જ નહીં કરવાનો. આ અમારે પચ્ચીસ વર્ષથી પૈસાનો વ્યવહાર નથી કોઈ જાતનો. પછી કશી ભાંજગડ જ નહીં ને ! ચાર આનાય મારા ગજવામાં હોય નહીં કોઈ દહાડોય. આ નીરુબેન વહીવટ કરે બધોય અમારો !

વ્યવહાર ચારિત્ર એટલે આ વ્યવહારમાં કોઈને દુઃખ ના થાય એવું વર્તન હોય. દુઃખ દેનારનેય દુઃખ ના થાય એ વર્તન, એ વ્યવહાર ચારિત્ર. વ્યવહાર ચારિત્રમાં મુખ્ય બે વસ્તુ કઈ, કે વિષય બંધ હોવો જોઈએ. કયો વિષય ? સ્ત્રી વિષય. અને બીજું લક્ષ્મી બંધ.

### મોક્ષમાર્ગની ત્રણ આવશ્યક વસ્તુ

મોક્ષમાર્ગમાં બે વસ્તુ ના હોય; સ્ત્રીના વિચારો અને લક્ષ્મીના વિચારો ! જ્યાં સ્ત્રીનો વિચાર પણ હોય ત્યાં ધર્મ તો હોય નહીં, ને લક્ષ્મીનો વિચાર પણ હોય ત્યાં ધર્મ હોય નહીં. એ બે માયા થકી તો આ જગત ઊભું રહ્યું છે. હા, માટે ત્યાં ધર્મ ખોળવો એ ભૂલ છે. ત્યારે અત્યારે લક્ષ્મી વગરના કેટલાં કેન્દ્રો ચાલે છે ?

**પ્રશ્નકર્તા :** એકેય નહીં.

**દાદાશ્રી :** એ માયા છૂટતી નથી ને ! ગુરુનેય માયા પેસી ગયેલી હોય. કળિયુગ છે એટલે પેસી જાય ને, થોડી ઘણી ? એટલે જ્યાં આગળ સ્ત્રીસંબંધી વિચાર છે, જ્યાં પૈસા સંબંધી લેવડ-દેવડ છે, ત્યાં સાચો ધર્મ થઈ શકે નહીં. સંસારીઓ માટે નહીં પણ જે ઉપદેશકો હોય છે ને, જેમના ઉપદેશના આધારે ચાલીએ, ત્યાં આ ના હોવું જોઈએ. નહીં તો આ સંસારીઓને ત્યાંય એ જ છે અને તમારે ત્યાંય એ જ ? એવું ના હોવું જોઈએ.

અને ત્રીજું કયું ? સમ્યક્ દ્દષ્ટિ હોવી જોઈએ.

એટલે લક્ષ્મી ને સ્ત્રીસંબંધ હોય ત્યાં આગળ ઊભું ના રહેવું. ગુરુ જોઈને કરવા, (આ બાબતમાં) લીકેજવાળો હોય તો કરવો નહીં. (એમાં) બિલકુલેય લીકેજ ના જોઈએ. ગાડીમાં ફરતા હોય તોય વાંધો નથી પણ ચારિત્રનો ફેઈલ હોય તો વાંધો છે. બાકી આ અહંકાર (માન) હોય તો તેનો વાંધો નથી કે 'બાપજી બાપજી' કરીએ તો ખુશ થાય તેનો વાંધો નથી. ચારિત્રનો ફેઈલ ના હોય તો લેટ ગો કરવા જોઈએ. મુખ્યમાં મુખ્ય વસ્તુ ચારિત્ર છે.

### વિષય એ જ અજાગૃતિ

**પ્રશ્નકર્તા :** આ મનુષ્ય જાતિમાં બ્રહ્મચર્ય રહે નહીં, એનું શું કારણ ? મોહ છે ? રાગ છે ?

**દાદાશ્રી :** બુદ્ધિપૂર્વકનું સુખ નથી આ, અવિચાર્યું સુખ છે. લોકોએ માન્યું, એ આપણેય માન્યું. એ માન્યતાનું જ સુખ છે ખાલી અને 'જલેબી સુખદાયી છે' એ બુદ્ધિપૂર્વકનું સુખ છે.

ચોખ્ખી બુદ્ધિવાળાને વિષયનું પૃથક્કરણ કરી આપવાનું કહીએ તો, 'વિષય થૂંકવા જેવી પણ વસ્તુ નથી' એમ કહે. પણ બુદ્ધિમાં મળ જામી ગયેલો હોય, તેને તો બધું ઊંધું જ દેખાય.

વિષયને જો માણસ વિચારે ને, જો વિચાર કરતાં આવડે ને, તો એ વિષય ભણી કોઈ દિવસ જાય જ નહીં. પણ વિચાર કરતાં જ નથી આવડતું ને ! વિષય એ અજાગૃતિ છે. વિષય પોષાય જ કેમ

કરીને ? જે વિચારે કરીને ગમે એવી વસ્તુ નથી, તે જ વસ્તુનો સંબંધ કેમ પોષાય ?

## આ ઝેરને ઝેર ના જાણ્યું

વિષયને ઝેર જાણ્યું જ નથી. ઝેર જાણે તો એને અડે નહીં ને ! તેથી ભગવાને કહ્યું કે જ્ઞાનનું ફળ વિરતિ ! જાણ્યાનું ફળ શું ? અટકી જાય. વિષયોનું જોખમ જાણ્યું નથી, માટે તેમાં અટક્યો નથી.

ભય રાખવા જેવો હોય તો, આ વિષયનો ભય રાખવા જેવો છે. બીજી કોઈ આ જગતમાં ભય રાખવા જેવી જગ્યા જ નથી. માટે વિષયથી ચેતો. આ સાપ, વીંછી, વાઘથી નથી ચેતતા ? ચેતતા રહીએ છીએ ને ? જેમ વાઘની વાત આવે, ત્યારે એ ભય આપણે ના રાખવો હોય તોય એનો ભય લાગે છે ને ? તેમ વિષયની વાત આવે ને ભય લાગવો જોઈએ. ભય હોય ત્યાં ખાવાનું મોજથી જમે ? ના. એટલે ભય હોય ત્યાં મોજ ના હોય. જગત આ વિષયો ભયથી ભોગવતા હશે ? ના. આ તો લોકો મોજથી ભોગવે છે.

## ભીખોમાં ભટક્યો ભવ

**પ્રશ્નકર્તા :** પુરુષોને વિષયની ભીખ હોય એમ સ્ત્રીઓને પણ વિષયની ભીખ હોય છે ને ?

**દાદાશ્રી :** હા, (સ્ત્રીને જીતતા) એટલું પુરુષને જો આવડી જાય ને, તો પુરુષ જીતી જાય જગત. જીતે નહીં તો પુરુષ યુઝલેસ (નકામો) થઈ જાય. પુરુષ, પુરુષ ક્યાં સુધી કહેવાય ? સ્ત્રી એની પાસે વિષયની ભીખ માંગે ત્યાં સુધી. વધુ વિષયી સ્ત્રી છે, છતાં પુરુષ મૂર્ખો બની જાય છે એય અજાયબી છે ને !

ક્ષત્રિયપુત્ર કોણ ? કે આવી વિષયની ભીખ માંગવાનો અવસર આવે, તે પહેલાં તો વિષય બિલકુલ બંધ જ કરી દે. (વિષય) કરે જ નહીં કાયમને માટે, પરમેનન્ટ બંધ. સ્ટોપ ફોર એવર !

## આત્મા જાણ્યે, ઉડે વાસના રસ

**પ્રશ્નકર્તા :** મનુષ્યોની વાસનાઓ ખતમ ક્યારે થાય ?

**દાદાશ્રી :** વાસનાઓનો તો થઈ જ જાય. વાસનાઓ તો તમે ઊભી કરેલી છે. તમે જ એના જન્મદાતા છો અને વિલય કરનારાય તમે છો.

વસ્તુને વાસના નથી કહેતા, રસને વાસના કહે છે. આ રસ ના હોય તો વાસના ગણાતી જ નથી. એટલે વાસના ક્યાંની ક્યાં ઊડી જાય છે ! હવે એ એક કલાકના જ પ્રયોગથી, વધારે પ્રયોગ નહીં પાછો, આ જ્ઞાન પછી વાસના જતી રહે છે ને ! રસ જતો રહે છે ને !

જ્યાં સુધી પુરુષ છે ત્યાં સુધી આ વાસના રહે અને સ્ત્રી છે ત્યાં સુધી વાસના રહે, પણ પુરુષ જ મટી જાય તો ?

**પ્રશ્નકર્તા :** એ (પોતે) કેવી રીતે મટી શકાય ?

**દાદાશ્રી :** આ વાસનાવાળો એ ચંદ્રેશ અને તમે તો 'માય નેઈમ ઈઝ ચંદ્રેશ' કહો છો. માટે તમે જુદા છો આનાથી. એ વાતની ખાતરી થાય છે ? તો એ તમે કોણ છો એટલું જ તમને હું રીયલાઈઝ કરી આપું એટલે તમારી વાસના છૂટી ગઈ. વાસનાઓ શું છે તે ? 'હું ચંદ્રેશ છું' એ મટે તો જ વાસનાઓ જાય, નહીં તો વાસનાઓ જાય નહીં. હું તો શું કહું છું, કે 'આત્મા શું છે' એ જાણો, 'અનાત્મા શું છે' એ જાણો. એ જાણતા જ વાસનાઓ ઊડી જશે.

## દાદાની કડકાઈમાં દીઠી પ્યૉરિટી

આ જગતમાં કંઈ પણ ના કરવા જેવું હોય તો તે કોઈનું શિયળ ના લૂંટવું. આ તો ચોળિયાં બિચારાં તે, 'બેન, બેન' કહીને શિયળ (આબરૂ) લૂંટે એવા લોક ! આ લોક તો 'બેન' કહીને દગાફટકા

રાખે (કરે). આ કાળના લોકો જે છે ને, તે તો પોતાની જાતને હઉ દગો દે.

આપણે અહીં આ સત્સંગમાં એવો દગાફટકાનો વિચાર આવે તો હું બોલું કે આ મીનિંગલેસ (અર્થહીન) વાત છે. અહીં એવો વ્યવહાર કિંચિત્‌માત્ર ના ચાલે અને એવો વ્યવહાર ચાલે છે એવું મારા લક્ષમાં આવ્યું તો હું બાળી મેલીશ, ભયંકર બાળી મેલીશ. આ જગ્યાએ કિંચિત્‌માત્ર એવું ના ચાલે, આ સંઘ એવો ના હોય. અહીં એવી ભૂલ કરાય નહીં.

અમે તો ઘણા એવા માણસો જોયા છે કે બનેવી હોય છતાં સગી બેનને 'પૈણેલો' હોય છે. પછી છે તે બનેવીને ત્યાં રોજ જાય. અરે, બનેવીને ત્યાં જ મુકામ. એવા તો ઘણા કેસ જોયેલા. હું એને કહું પણ ખરો કે 'અલ્યા, શું ધંધો માંડ્યો છે ? કયા અવતારે છૂટીશ તું ? મારી પાસે આવ, જો ફરી આવું ના કરવાનો હોય તો હું તને ચોખ્ખો કરી આપીશ.' આ વર્લ્ડમાં ગમે તેવા ગુના કર્યા હોય, ગમે તેવા ગુના લઈને આવે તોય, જો ફરી જિંદગીમાં ના કરવાનો હોય, તો બધી રીતે ચોખ્ખો હું કરી આપું. આ લોકોએ કેવા ભયંકર ગુના કર્યા છે. 'બેન, બેન' કરીને (એની સાથે) પૈણેલા. પણ આ લોકોને સાતમી નર્ક ના હોય, બહુ ત્યારે પહેલી, બીજી, ત્રીજી કે ચોથી નર્કમાં જાય !

આ વિષય બાબતમાં સંયોગ થાય તો અમારી કડવી નજર ફરી જાય, અમને તરત બધી ખબર પડી જાય. એ 'દાદા'ની નજર કડવી રહે છે, તેય વિષય એકલામાં જ, બીજી બાબતમાં નહીં. બીજી બાબતમાં કડવી નજર નહીં રાખવાની. બીજી ભૂલો થાય પણ 'આ' તો ન જ હોવી જોઈએ. અને થઈ તો અમને કહી દેવી જેથી રિપેર કરી આપીએ, છોડાવી આપીએ.

### નિશ્ચય જ પહોંચાડશે આપણે ગામ

**પ્રશ્નકર્તા :** વિષયથી છૂટ્યો ક્યારે કહેવાય ?

**દાદાશ્રી :** એને પછી વિષયનો એકેય વિચાર ના આવે. વિષયસંબંધી કોઈ પણ વિચાર નહીં, (એ બાજુ) દૃષ્ટિ નહીં, એ લાઈન જ નહીં. એ જાણે જાણતો જ ના હોય એવી રીતે હોય, એ બ્રહ્મચર્ય કહેવાય.

માંસાહાર કોઈ દહાડો ખાતો ના હોય, એને માંસાહારના વિચાર આવે જ નહીં. એ બાજુ દૃષ્ટિ જ ના હોય ને એ બાજુ કશું જ ના હોય, એના જેવું હોય.

**પ્રશ્નકર્તા :** અમને એ દશા ક્યારે આવશે ?

**દાદાશ્રી :** ક્યારે આવશે, એ જોવાનું નહીં. આપણે ચાલ ચાલ કરો ને, એટલે એની મેળે ગામ આવશે. ચાલવાથી ગામ આવે, બેસી રહેવાથી ગામ ના આવે. રસ્તો જ્ઞાની પુરુષે દેખાડેલો છે અને એ રસ્તો તમે પકડી લીધો છે. હવે ક્યારે આવશે એ કહીએ તો થાક લાગી જાય. માટે ચાલ ચાલ જ કરો ને ! તો એની મેળે આવશે.

### વ્યવહારમાં ચેતવે મહાત્માને

**પ્રશ્નકર્તા :** દાદા, અમે સત્સંગ માટે ગામોગામ જઈએ ને, ત્યાં જેન્ટસ કરતા લેડિઝ વધારે હોય. સિત્તેર ટકા તો લેડિઝ જ હોય અને ત્રીસ ટકા જ પુરુષો હોય. એટલે બ્રહ્મચર્ય સંબંધી ખૂબ જાગ્રત રહેવું પડે. એ લોકોનો બધા રિસ્પોન્સ બહુ હોય. જેમ કે કોઈ ભાઈ પદ ગવડાવે સુંદર, તો એ લોકો આમ ખુશ થઈ જાય.

**દાદાશ્રી :** આવું સ્થૂળ અબ્રહ્મચર્ય તો થાય નહીંને ! આ તો સૂક્ષ્મમાં ભાંજગડો. અહીં આગળ છે તે રસ્તામાં, શહેરોમાં ભેગા થાય, ગામડામાં તો એટલું બધું રુચિનું કારણ જ ના હોય ને !

**પ્રશ્નકર્તા :** પણ ગાંઠો ફૂટે કો'કવાર.

**દાદાશ્રી :** એને તો તોડી નાખીએ. શૂટ ઑન સાઈટ જ હોવું જોઈએ. જેટલું ધોવાયું એટલું ઓછું.

અનંત અવતારથી આના આ જ પડઘા, પહેલાના સંસ્કાર. એ ભાન જ નહીં ને ! ફોટો કેવો પડે એવું ભાન જ નહીં ને ! ફોટો સારો પડે, નહીં ! નકામો જ હોય, ગંદવાડો જ લાગે. ઊલટું બાફે, ફળ ના આપે.

**પ્રશ્નકર્તા :** ફળ ના આપે.

**દાદાશ્રી :** આ તો હાર્ટિલી જોઈએ. બે જ વાક્યો હોય ને, બહુ થઈ ગયું, પ્યૉર. પ્યૉરિટી ઑફ માઈન્ડ, પ્યૉરિટી ઑફ બુદ્ધિ, ચિત્તની પ્યૉરિટી થયા કરે ને ચિત્તની પ્યૉરિટી સંપૂર્ણ થઈ એટલે પૂર્ણ થાય એ.

અમારી આજ્ઞા પાળવાની, એટલે ચિત્ત ઠેકાણે રહે. એક ફેરો જ્ઞાન સમજી લેવું જોઈએ બરોબર.

## અહંકારે કરીનેય વિષયથી છૂટાય

'અતિપરિચયાત્ અવજ્ઞા.' અનાદિકાળથી આ પાંચ વિષયોના અવગાઢ પરિચય હોવા છતાં અવજ્ઞા થતી નથી, એય આશ્ચર્ય છે ને ! કારણ કે એક-એક વિષયના અનંત પર્યાયો છે ! એમાં જેના જેટલા પર્યાયના અનુભવ થયા એટલાની અવજ્ઞા થઈને તેટલા છૂટ્યા ! પર્યાયો અનંત હોવાથી અનંતકાળ સુધી ભટકવું પડશે અને પર્યાયો અનંતા હોવાથી પારેય નહીં આવે ! આ તો જ્ઞાન સિવાય આમાંથી છૂટાય નહીં.

આપણો માર્ગ બધી રીતે સાહજિક છે, પણ આ (વિષય)ને માટે સાહજિક નથી. આ વિષયને તો ઈગોઇઝમ કરીને પણ ઉડાડી દેવાનો છે ! કારણ કે આ ચરમ શરીરી નથી. એટલે અહંકાર કરીને પણ આજ્ઞામાં રહેવું. (અણહક્કના વિષયમાં ન પડવું.) ભલે અહંકારનું કર્મ બંધાય, પણ અક્રમ વિજ્ઞાનમાં આટલું સાચવવા જેવું છે !

## વિષયમાં પ્યૉર થવા માંડો પુરુષાર્થ

જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ ચાર પાયા જોઈશે. જે તમને જ્ઞાન મળ્યું છે, જે દર્શન-પ્રતીતિ થયેલી છે, તે પ્રતીતિનું થયેલું અનુભવમાં આવે એનું નામ જ્ઞાન. એટલે ચારિત્રફળ આપે. પણ વચ્ચે રોકે કોણ ? પેલું 'તપ'.

આ તપની જ વાત નીકળીને આજે. આ તપ પકડી લો એકવાર. તપનો પુરુષાર્થ માંડો. તપ કર્યા વગર મોક્ષે શી રીતે જવાય ?

એટલે એમાં પ્યૉર રહેવાનું. પ્યૉર થવાનું છે, ઈમ્પ્યૉરિટી ના રહેવી જોઈએ. કચરો બધો નીકળી જાય ને, દાદાની પાસે તો બધું નીકળી જાય છે. દાદા બધાને ભગવાન બનાવે છે. એ તમે ફેરફાર નહીં જોયેલો !

જેને ભીખ સર્વસ્વ પ્રકારની ગઈ, તેને આ જગતનાં તમામ સૂત્રો (સત્તા) હાથમાં આપવામાં આવે છે, પણ ભીખ જાય તો ને ! કેટલા પ્રકારની ભીખ ? લક્ષ્મીની ભીખ, કીર્તિની ભીખ, વિષયોની ભીખ, શિષ્યોની ભીખ, દેરાં બાંધવાની ભીખ... બધી ભીખ, ભીખ ને ભીખ છે, ત્યાં આપણું દળદર શું ફીટે ?

જેને 'કંઈ જ જોઈતું નથી', એનું બધું કામ થાય છે. વસ્તુ સામે આવી પડે તો ય નથી જોઈતી. તમારે તો જોઈએ છે ને ? શું શું જોઈએ છે ?

## માનની કામના એ જ ભીખ

**પ્રશ્નકર્તા :** આમ ખબર પડે કે હજુ માન જોઈએ છે.

**દાદાશ્રી :** માન જોઈએ તેનો વાંધો નહીં, પણ માનના સારુ ઉપયોગ રહ્યા કરે કે માન કેમ કરીને મળે, એવું ?

**પ્રશ્નકર્તા :** ના, એવો ઉપયોગ ના રહે.

**દાદાશ્રી :** પછી માન ના મળે તો ?

**પ્રશ્નકર્તા :** તો કંઈ વાંધો નહીં.

**દાદાશ્રી :** તેનો કશો વાંધો નહીં. બાકી,

માનની કામના હોય એ જ ભીખ કહેવાય છે. કોઈ પણ વસ્તુની કામના એ ભીખ કહેવાય છે. કામના, ભીખ એ નિકાલી બાબત ના ગણાય. કામના, ભીખ નજીક નજીકના શબ્દો છે. બાકી, (માનમાં) ઉપયોગ ના જાય તો કશું અડે જ નહીં. એટલે આમાં (મોક્ષ) માર્ગ રૂંધાતો નથી. પણ ભીખવાળો તો બીજા માર્ગે ચઢ્યો એમ કહેવાય.

**પ્રશ્નકર્તા :** કોઈ માન આપે ને ગમે, એ માનની ભીખ કહેવાય ?

**દાદાશ્રી :** ના. ગમે, એ તો સ્વાભાવિક રીતે ગમે જ. તમને ખાંડવાળી ચા ગમે કે ખાંડ વગરની ? એ તો ખાંડવાળી ચા સ્વાભાવિક ગમે જ. પણ કોઈક કહે કે 'ભઈ, મને તો ખાંડ વગરની જ ચા ગમે છે !' ત્યારે હું કહું કે એ અહંકાર છે. એના કરતા ખાંડવાળી ચા પીને, છાનોમાનો. સ્વાદિષ્ટ તો રહે. ખરું કે ખોટું ?

**પ્રશ્નકર્તા :** હવે માન ગમે તો કેવું કહેવાય ?

**દાદાશ્રી :** એ ગમે તો એનો વાંધો નથી. ગમે તો ખરું ને ! પણ માનની ઈચ્છા ના હોવી જોઈએ. માન આપેલું હોય ને તમારી થાળીમાં આવે તો ખાવ નિરાંતે. અને ધીમે રહીને, આસ્તે રહીને ખાવ, રોફથી ખાવ. પણ એની ઈચ્છા ના હોવી જોઈએ. એની ટેવ ના પાડી દેશો, 'હેબિચ્યુએટેડ' ના થશો.

**પ્રશ્નકર્તા :** એ માન નીચે પાડી ન દે ?

**દાદાશ્રી :** એ તો અભિમાન નીચે લઈ જાય. એટલે લોક માન આપે તો ચાખવામાં વાંધો નથી, પણ જોડે જોડે એમ રહેવું જોઈએ કે આ ન હોવું ઘટે. અને માન આપનાર પર રાગ ના થવો જોઈએ.

### માનમાં કપટ : માનની વિકૃતિ

**પ્રશ્નકર્તા :** આ માન ચાખે, એ પછી જાગૃતિને 'ડાઉન' ના કરે, દાદા ?

**દાદાશ્રી :** જાગૃતિ ઓછી થાય જ ને ! હવે માનમાં કપટ હોય ત્યાં જાગૃતિ ઉત્પન્ન ના થાય. માનમાં કપટ હોય ત્યાં (એને) માન દેખાય જ નહીં.

**પ્રશ્નકર્તા :** માન છે તે સહજ મળે તો ચાખવાનો વાંધો નથી, પણ એ પછી વિકૃત થવા માંડે ને એની ઈચ્છા થાય. એવું બને ને, પછી ?

**દાદાશ્રી :** એવું તેવું થાય, પણ તે ઈચ્છા તો હોવી જ ના જોઈએ. અને ઈચ્છા થાય તે નુકસાનકારક છે.

**પ્રશ્નકર્તા :** તો એ માનની વિકૃતિ પછી કઈ કઈ અને કેટલે સુધીની હોઈ શકે ?

**દાદાશ્રી :** બહુ જાત જાતની વિકૃતિઓ હોય. માનની વિકૃતિઓ તો બહુ જ હોય અને તે માનની વિકૃતિ જ માણસને પાછો પાડે છે. એટલે માન ચાખવાને માટે વાંધો નથી. કોઈ તમને કહે 'આવો, પધારો સાહેબ, આમ છે, તેમ છે.' એ માન તમે બધું નિરાંતે ચાખો-કરો, પણ તેનો તમને કેફ ના ચઢી જવો જોઈએ. હા, ચાખો નિરાંતે, અને અંદર સંતોષ થશે. પણ જો કેફ ચઢ્યો તો, એ થઈ ગયું કદરૂપું !

બાકી, માન હોય ત્યાં સુધી માણસ કદરૂપો દેખાય અને કદરૂપો થાય એટલે કોઈને આકર્ષણ ના થાય. કદરૂપો દેખાય કે ના દેખાય ? મોઢા ઉપર રૂપ હોય, તોય પણ કદરૂપો દેખાય.

માન શાથી ઊભું રહ્યું છે ? સામાને પોતે હલકો માને છે માટે માન ઊભું રહ્યું છે. માટે એને હલકો નહીં માનવો અને 'એ તો મારો ઉપરી છે' એવું કહેવું, તો માન ઊડી જાય.

કૃપાળુદેવે એટલા માટે લખ્યું છે કે આ જગતમાં મોક્ષ શાથી નથી થતો ? ત્યારે કહે છે કે આ લોભ કે બીજી કશી ભાંજગડ જ નથી, પણ જો માન ના હોત તો અહીં જ મોક્ષ થઈ જાત ! માન ઉપર જ લક્ષ રાખશો. માન જ આ સંસારનું મુખ્ય કારણ છે.

## માનની અપેક્ષાએ થયા હેબિચ્યુએટેડ

મારા મોટાભાઈ જબરજસ્ત ખુમારીવાળા હતા. મારા મોટાભાઈને હું 'માની' કહેતો હતો, ત્યારે એ મને 'માની' કહેતા હતા. એક દહાડો મને શું કહે છે ? 'તારા જેવો માની મેં જોયો નથી.' મેં કહ્યું, 'શેમાં મારું માન જુઓ છો ?' ત્યારે કહે, 'દરેક બાબતમાં તારું માન હોય છે.'

તે પછી મેં તપાસ કરી, તો બધી બાબતમાં માન નીકળ્યું મારું અને તે જ કૈડતું હતું. અને માનને માટે શું કર્યું ? જે કોઈ હોય, તે કહે કે 'અંબાલાલભાઈ, અંબાલાલભાઈ !' હવે 'અંબાલાલ' તો કોઈ કહે જ નહીં ને ! છ અક્ષરથી બોલે. અને પછી ટેવ પડી ગઈ, 'હેબિચ્યુએટેડ' થઈ ગયા તેમાં. હવે માન બહુ ભારે એટલે માનનું રક્ષણ કરે ને ! તે પછી 'અંબાલાલભાઈ'ના છ અક્ષર ના બોલાય અને કો'ક ઉતાવળમાં 'અંબાલાલ' બોલી ઊઠે, એ કંઈ ગુનો છે એનો ? છ અક્ષર સામટા એકદમ ઉતાવળમાં તો શી રીતે બોલાય તે ?

હવે સામાએ 'અંબાલાલભાઈ' ના કહ્યું હોય તો મને આખી રાત ઊંઘ ના આવે, અકળામણ થાય. લે ! એમાં શું મળી જવાનું ? આમાં મોઢું કંઈ મીઠું થઈ જવાનું ? તે એમાં કશોય સ્વાદ ના હોય છતાંય માની બેઠેલો છે, તેય લોકસંજ્ઞાથી. લોકોએ એમાં મોટા બનાવ્યા ને લોકોએ મોટા માન્યાય ખરા ! અરે, આ લોકોના માનેલાનું શું કરવાનું તે ?

આ ગાયો-ભેંસો આપણા સામું જોઈ રહે, અને પછી કાન હલાવતી હોય તો આપણે એમ સમજી જવાનું કે આપણને માન આપે છે આ ? એવું છે આ તો બધું ! આપણા મનમાં માનીએ કે આ લોકો બધાં માનથી જોઈ રહ્યા છે, મનમાં માનીએ ! એ તો સહુ સહુના દુઃખમાં છે બિચારાં, સહુ સહુની ચિંતામાં છે.

## એ બધુંય માન માટે જ

જ્ઞાન થયું તે પહેલાં મેં લોકોને કહેલું, 'તમારું કામ કરાવી જજો મારી પાસે, જે કંઈ હોય તે. સલાહ-સંપ, બીજું કંઈ હોય ! મારી પાસે પૈસા હોય તોય આપીશું, પણ તમારું કામ કરીશું. તમારે મારું કામ કરવું નહીં.' કારણ કે મારું કામ તમને કરવાનું ના કહું ને, એટલે તમને મારા તરફનો ભય ના રહે.

આજથી પિસ્તાળીસ વર્ષ પર (ઘણાં વર્ષો પહેલા) મામાની પોળ બહુ ઉત્તમ ગણાતી હતી. તે દહાડે અમે ત્યાં રહેતા હતા અને પંદર રૂપિયાનું ભાડું. તે દહાડે લોકો સાત રૂપિયાના ભાડામાં પડી રહે, અમે પંદર રૂપિયામાં. આમ મોટા કંટ્રાક્ટર કહેવાય. હવે ત્યાં પેલા બંગલામાં રહેવાવાળા આવે મોટરો લઈને. કારણ કે ઉપાધિમાં સપડાયેલા હોય, તે અહીંયા આવે. તે ઊંધું-છતું કરીને આવ્યા હોય ને, તોય એમને 'પાછલે બારણે' રહીને કાઢી મેલું. (કંઈક ખોટું કરીને આવ્યા હોય તો યુક્તિ વાપરી બચવાનો રસ્તો બતાવી દઉં) 'પાછલું બારણું' દેખાડું કે અહીં રહીને નીકળી જાવ. હવે ગુનો એણે કર્યો અને 'પાછલે બારણે' છોડાવી આપું હું. એટલે ગુનો મારા માથે લીધો. શેના સારુ ? પેલું માન ખાવા સારુ ! 'પાછલે બારણે' કાઢી મેલવું એ ગુનો નથી ? આમ અક્કલથી દેખાડ્યું હતું પાછું, તે પેલા બચી જાય. એટલે પેલા અમને માનથી રાખે, પણ ગુનો અમને ચોંટે. પછી સમજાયું કે બેભાનપણામાં આ બધા ગુના થયા, માન ખાવા માટે. પછી માન પકડાયું. (પછી) જો ચિંતા થાય માનની !

આ માનનું જ હતું કે 'હું કંઈક છું', બધાં લોકો કરતાં વધારેમાં વધારે 'હું કંઈક છું' એ બધું ખોટું. કશુંય ના મળે, કંઈ ભલીવાર જ નહીં, માની બેઠેલા એટલું જ.

**પ્રશ્નકર્તા :** આપે માન પકડ્યું, પછી માનને કઈ રીતે માર્યું ?

**દાદાશ્રી :** માન મરે નહીં. માનને આ આમ (માન ખોટું છે, એવું સમજીને) ઉપશમ કર્યું. બાકી, માન મરે નહીં. કારણ કે મારનારો પોતે,

કોને મારે ? પોતે પોતાને મારે કેવી રીતે ? તમને સમજણ પડી ને ?

### ઉપકારી માનજો અપમાન કરનારાને

'મારી કિંમત ના કરી' એવું કેટલાંક કહે છે ને ? તારી કિંમત હતી જ કંઈ ? તું આ દરિયાને પૂછી આવ કે તારી કિંમત કેટલી ? એક મોજું આવશે ને તું તણાઈ જશે ! કેટલાંય મોજાંવાળો માલિક, તારા જેવા કેટલાંય જણને એ તાણી ગયો ! કિંમત તો જેને રાગ-દ્વેષ ના થાય એની કહેવાય !

**પ્રશ્નકર્તા :** હવે તો આ માન-અપમાન બહુ ખૂંચે છે, એમાંથી મુક્ત થવું કઈ રીતે ?

**દાદાશ્રી :** અપમાન ખૂંચે છે કે માન ખૂંચે છે ?

**પ્રશ્નકર્તા :** આમ તો અપમાન.

**દાદાશ્રી :** અરે, બળ્યું માન પણ બહુ ખૂંચે. જો માન પણ વધારે પડતું આપે ને, તો માણસ ઊભો થઈ જાય. માન બહુ આપે ને, તો ત્યાંથી કંટાળીને નાસી આવે માણસ. રોજ આખો દહાડો માન આપ આપ કરે ને, તો ત્યાંથી માણસ કંટાળીને નાસી જાય. અને અપમાન તો ઘડીવારેય ગમે નહીં. માન તો થોડીક વાર ગમેય ખરું છતાંય માણસ અપમાન સહન કરી શકે, માન સહન નહીં કરી શકે. હા, માન સહન કરવું એ તો સીસું પીધા જેવું છે.

**પ્રશ્નકર્તા :** અને છતાં અપમાન ના ગમે, તે કેવું કહેવાય ?

**દાદાશ્રી :** અપમાન ના ગમે, એ તો બહુ જ ખોટું કહેવાય. એ ગમાડવાની શક્તિ લોકોને ઉત્પન્ન થઈ નથી. એમણે તો અપમાન કરનારો ભાડે રાખવો જોઈએ. પણ કોઈ ભાડે રાખતું જ નથી ને ! પણ ભાડાવાળો અપમાન સાચું કરે નહીં ને ! અને લોક તો, જ્યારે સાચું અપમાન કરે છે ત્યારે એ બેસી જાય છે. સાચું અપમાન કરે એને ઉપકારી ગણવાનો, પણ ત્યારે માણસ બેસી જાય છે. સાચું અપમાન કરે ત્યારે બેસી જવાય નહીં. એટલે સામો કોઈક અપમાન કરનાર મળી આવે ને, તો બહુ ઉપકારી માનીને 'એ જોડે ને જોડે રહે તો બહુ સારું' એવું નક્કી કરજો.

### ના રહેશો માનના પક્ષમાં

**પ્રશ્નકર્તા :** એટલે અપમાન સહન કરતા શીખી જવું જોઈએ, એમ ?

**દાદાશ્રી :** અપમાન સહન કરવાની શક્તિ આવશે, એ માન જશે ત્યારે. એ 'માને' ગુરખો રાખેલો છે કે જો અપમાન કરવા આવે તો તેને કહે, 'તેલ કાઢી નાખજે.' ક્રોધ છે એ માનનો ગુરખો. અને પેલો એક લોભ છે, તેણેય ગુરખો રાખ્યો છે. તે કપટ (નામનો) રાખ્યો છે. એને જ 'માયા' કહી. અને લોભ જતો રહે તો એ માયા જતી રહે.

માન નામનો શત્રુ પેઠેલો હોય ત્યારે જ ક્રોધ બેસી રહે, માનનું રક્ષણ કરવા. એટલે જ્યાં સુધી માન છે ત્યાં સુધી એ ગુરખો રહેવાનો જ.

'મૂરખ છો, અક્કલ વગરના છો' એવું કોઈકે કહ્યું હોય ત્યારે આપણે કહેવું, 'ભઈ, હું આજનો નથી, પહેલેથી જ એવો છું.'

લોકો ક્રોધને મારે છે ને ? કોઈ છે તે લોભને મારી મારીને ઓછો કરે. ત્યારે પેલી માયા શું કહે છે ? માયા કહે છે કે ''મારા છ પુત્રો છે, ક્રોધ-માન-માયા-લોભ, રાગ ને દ્વેષ. એ મારા છ છોકરાં અને હું સાતમી, અમને કોઈ નિર્વંશ કરી શક્યા નથી. હા, એક ફક્ત 'જ્ઞાની પુરુષ' એકલા જ અમને નિર્વંશ કરી શકે. બાકી, કોઈ અમને નિર્વંશ કરી શકે નહીં. તું ગમે એટલા મારા ક્રોધને મારીશ, તું લોભને મારીશ, પણ જ્યાં સુધી મારો માન નામનો છોકરો જીવતો છે ત્યાં સુધી બધાં જીવંત થઈ જશે.''

### ધ્યેય ચૂકાયો ને પેઠી ભીખ

આ ભીખ જતી નથી. માનની ભીખ, કીર્તિની

ભીખ, વિષયની ભીખ, લક્ષ્મીની ભીખ..... ભીખ, ભીખ ને ભીખ ! ભીખ વગરના જોયેલા ખરા ? છેવટે દેરાં બંધાવાનીય ભીખ હોય, એટલે દેરાં બંધાવવામાં પડે ! કારણ કે કશો ધંધો ના જડે ત્યારે કીર્તિ માટે બધું કરે ! અરે, શેના હારુ દેરાં બાંધો છો ? હિન્દુસ્તાનમાં ક્યાં દેરાં નથી ? પણ આ તો દેરાં બંધાવવા હારુ પૈસા ભેગા કર કર કરે. ભગવાને કહ્યું હતું કે દેરાં બાંધનાર તો એના કર્મના ઉદય હશે તો બંધાવશે, તું શું કરવા આમાં પડે છે ?

હિન્દુસ્તાનનો મનુષ્યધર્મ ફક્ત દેરાં બાંધવા માટે નથી. ફક્ત મોક્ષે જવા માટે જ હિન્દુસ્તાનમાં જન્મ છે. એક અવતારી થવાય, એ બાજુનો ધ્યેય રાખીને કામ કરજે તો પચાસ અવતારે, સો અવતારે કે પાંચસો અવતારેય પણ ઉકેલ આવી જાય. બીજો ધ્યેય છોડી દો. પછી પૈણજે-કરજે, છોકરાંનો બાપ થજે, ડૉક્ટર થજે, બંગલા બંધાવજે, એનો સવાલ નથી પણ ધ્યેય એક જગ્યાએ જ રાખ, કે હિન્દુસ્તાનમાં જન્મ થયો છે તો મુક્તિ માટેનું સાધન કરી લેવું છે. આ એક ધ્યેય ઉપર આવી જાવ તો ઉકેલ આવે.

બાકી, કોઈ જાતની ભીખ નહીં હોવી જોઈએ. આમ ધર્માદા લખાવો, ફલાણું લખાવો, એવી અનુમોદનામાં હાથ ઘાલવો ના જોઈએ. કરવું, કરાવવું ને અનુમોદવું ત્યાં ના હોય. અમે તો સર્વ ભીખથી મુક્ત થઈ ગયેલા છીએ. દેરાં બાંધવાનીય ભીખ નથી. કારણ કે અમારે આ જગતમાં કોઈ ચીજ જોઈતી નથી. અમે માનના ભિખારી નથી, કીર્તિના ભિખારી નથી, લક્ષ્મીના ભિખારી નથી, સોનાના ભિખારી નથી, શિષ્યોના ભિખારી નથી. અમને વિષયોના વિચાર ના આવે, લક્ષ્મીનો વિચાર ના આવે. વિચાર જ જ્યાં ઉત્પન્ન ના થાય પછી ભીખ શેની રહે તે ? માનની, કીર્તિની, કોઈ જાતની ભીખ નહીં.

## તકતીના મોહમાં ડૂબે પ્યૉરિટી

અમે મંદિરોમાં ને બધે ફર્યા. ત્યાં કેટલીક જગ્યાએ આખી ભીંતો તકતીઓથી ભરેલી હોય ! એ તકતીઓની વેલ્યુએશન (કિંમત) કેટલી ? એ કીર્તિ હેતુ માટે ! અને જ્યાં કીર્તિ હેતુ ઢગલેબંધ હોય ત્યાં માણસ જુએ જ નહીં કે આમાં શું વાંચવું ? આખા મંદિરમાં એક જ તકતી હોય તો વાંચવા નવરો હોય, પણ આ તો ઢગલાબંધ, આખી ભીંતોની ભીંતો તકતીઓવાળી કરી હોય તો શું થાય ? છતાંય લોક કહે છે કે મારી તકતી મુકાવજો ! લોકોને તકતીઓ જ પસંદ છે ને !

કોઈ ધર્માદામાં લાખ રૂપિયા આપે અને તકતી મૂકાવડાવે અને કોઈ માણસ એક રૂપિયો જ ધર્માદામાં આપે પણ ખાનગી આપે, તો એની બહુ કિંમત છે. અને આ તકતી મૂકાવી એ તો 'બેલેન્સ શીટ' પૂરી થઈ ગઈ. સોની નોટ તમે મને આપી ને મેં તમને છૂટા આપ્યા, એમાં મારે લેવાનુંય ના રહ્યું ને તમારે દેવાનુંય ના રહ્યું ! તમે આ ધર્માદા કરીને પોતાની તકતી મૂકાવી તેને પછી લેવા-દેવાનું કશું રહ્યું નહીં ને ! કારણ કે જે ધર્માદો આપ્યો, એનું એણે તકતી મૂકાવી લઈ લીધું. અને જેણે એક જ રૂપિયો પ્રાઈવેટમાં આપ્યો હશે એનું લેવાઈ ગયું નથી, એટલે એને બેલેન્સ બાકી રહ્યું.

## ગલીપચીઓમાં મજા નથી

લોક તો કહેવા આવશે કે 'આવો કાકા તમારા વગર તો મને ગમતું નથી. તમે કહો એટલું બધું કામ કરી આપીશ તમારું, તમારા પગ દાબીશ.' અલ્યા, આ તો ગલીપચી કરે છે ! ત્યાં બહેરા થઈ જવું.

અમનેય છેતરનારા આવે છે. આ ગલીપચીઓવાળા આવે, પણ હું ના છેતરાઉં. અમારી પાસે લાખો માણસ આવતા હશે, તે ગલીપચીઓ કરે, બધું કરે પણ રામ તારી માયા ! અને અહીં કોઈ ગલ જ ના મળે ને ! એ જાણે કે દાદા પાસે કંઈ ફાવે એવું છે નહીં, એટલે પાછો જાય !

પછી એ કંટાળી જાય કે 'આ દાદા પાસે કંઈ ફાવીએ એવું લાગતું નથી. આ બારી ભવિષ્યમાં ઊઘડે નહીં.' અરે, મારે કશું જોઈતું નથી, શું કરવા બારી ખોલવા આવ્યો છે ? જેને જોઈતું હોય ત્યાં જાને, ગમે તેવા આવે તોય પાછા કાઢી મેલું કે 'ભઈ, અહીં નહીં.'

એટલે બધું સરળ થઈ પડ્યું છે, તો હવે આપણું કામ પૂરું કરી લો. આટલું બધું સરળ નહીં આવે. આવો ચાન્સ ફરી નહીં આવે. આ ચાન્સ ઊંચો છે ને, એટલે આ બીજી ગલીપચી ઓછી થવા દો ને ! આ ગલીપચીઓમાં મજા નથી. ગલીપચી કરનારા લોક તો મળશે, પણ એમાં તમારું હિત નથી. એટલે ગલીપચીના શોખ જવા દો હવે, આ એક અવતાર ! હવે તો અરધો જ અવતાર રહ્યો છે ને ! હવે આખો અવતાર ક્યાં રહ્યો છે ?

## વિશેષતા એ માનની વિકૃતિ

બીજામાં ને આપણામાં ફેર ના માનવો. આ તો વિશેષતા દેખાડવા માટે બોલે. અને એ પેલા કષાય બધા કરાવે છે ને ! અમારું એકુંય વાક્ય વિશેષ ભાવવાળું ના હોય, કુદરતી રીતે જ નીકળ્યા કરે. કારણ કે અમારી 'રેકર્ડ' હોય ને ! તમારી વાણી 'રેકર્ડ' થાય પછી વાંધો નહીં. 'રેકર્ડ' થાય એટલે પછી થઈ રહ્યું. હજી 'રેકર્ડ' થતી નથી, નહીં ?

કોઈ બે જણ વાત કરતા હોય ને, તો ડહાપણ કરવાનું મન થાય. અને 'જ્ઞાન' તેનું નામ ના કહેવાય. પ્રશ્નોના ખુલાસા બોલાય નહીં, એક અક્ષરેય બોલાય નહીં. ફક્ત સહેજાસહેજ વાતચીત થાય. આ ચડસવાળી વસ્તુ નથી. ચડસ ના હોવી જોઈએ. ચડસવાળી બધી સંસારી વસ્તુઓ !

## માન સામે ચેતતા રહેજો

એટલે (મોક્ષનું) પૂર્ણ કામ કરી લેવું હોય તો ચેતતા રહેજો. કોઈ જગ્યાએ વાતચીત બનતા સુધી કરવી નહીં. લોકોને આ જ્ઞાન સમજાવવા ના જશો, નહીં તો ઓળનું થઈ જશે ડોળ ! એક શબ્દ વીતરાગની વાણી બોલવી ને, એ તો બહુ મોટામાં મોટી મુશ્કેલી !

લોક તો ચોંટી પડે, લોકને શું ? લોક તો જાણે કે આપણને કંઈક માલ મળશે. કંઈક મળે એટલા માટે લોક ચોંટી પડે કે ના ચોંટી પડે ? પણ લોકોને કહી દેવું કે 'મારું આમાં કામ નહીં.' અક્ષરેય બોલાય નહીં, નહીં તો એમાં પોતાને ઓળનું થઈ જાય ડોળ !

**પ્રશ્નકર્તા :** પણ જે અનુભવ થયા હોય, એ કહેવાય ને ?

**દાદાશ્રી :** અનુભવ હોય નહીં. અનુભવ વસ્તુ તો ધીમે ધીમે થાય. આ તો વાત બધી નીકળે, એ શબ્દો અમારા કહેલા નીકળે. તે શબ્દો ઊગી નીકળે બધા.

એટલે આખું વીતરાગ વિજ્ઞાન હાજર થવું જોઈએ. વિજ્ઞાનનો અંશ કોઈને ખબર છે નહીં. આ તો અમારી વાણી પેઠેલી એ નીકળે છે. અને કોઈક મોટો તીસમારખાં આવે ને, તો એ તમને તોડી જ પાડે, ત્રણ જ શબ્દમાં તોડી પાડે. બુદ્ધિગમ્ય ચાલે નહીં ને ! બુદ્ધિગમ્ય તો જગતની પાસે નથી ? અરે, મોટાં મોટાં શાસ્ત્રોના શાસ્ત્રો મુખપાઠવાળા છે. એ એક શબ્દ બોલે તો તમે ગૂંચાઈ જશો.

આ તો અમારું આપેલું 'જ્ઞાન' પરિણામ પામ્યું, તો પરિણામ પામીને એને ફરી ઊગે પાછું આ. અમારું આપેલું બીજ રૂપે પડ્યું હોય, તે ફરી ઊગે ત્યારે 'દાદાજી એમ કહેતા હતા' એમ વાત કરો. પણ જે આમ વાણી સ્ફૂરે, તે થોડા દહાડા તો એમ લાગશે કે આ 'દાદાજી' જેવું જ બોલી રહ્યા છે. પછી કયે ગામ લઈ જશે ! થોડા દહાડા પછી પછાડે, એ તો છોડે નહીં ને !

## ચેતતા રહેજો મહીંલા અહંકારથી

કોઈ જગ્યાએ કશી (આ જ્ઞાનની) વાત કરો

છો ? એ વાતચીતમાં કોઈ જગ્યાએ પડશો નહીં. કારણ કે લોક તો સાંભળે, પણ પોતાની દશા શી થાય ? લોકને તો કાને સાંભળીને કાઢી નાખવાનું છે પણ પોતાને 'ઈન્ટરેસ્ટ' પડે એમાં. કારણ કે હજુ 'ઈગોઈઝમ' છે ને, તે બધાં મહીં લઉ-ખઉ કરતાં તૈયાર બેસી જ રહ્યા હોય. તે ધીમે ધીમે એને ખોરાક મળી જાય.

હજુ મહીં આ અહંકાર ને બધું ઓછું થયા સિવાય શું કરવા ગા ગા કરો છો ? કોઈને ચાર આનાનો ફાયદો થાય નહીં ને અમથા ગા ગા કર્યાનો અર્થ નહીં ને ! તે ઘડીએ શબ્દો તે બધાને સારા લાગે. લોક કહેય ખરા કે 'બહુ સારી વાત છે, બહુ સારી વાત છે.' પણ ત્યાં તો પોતાને 'ઈગોઈઝમ' વધી જાય અને પેલા લોકોને તો કશુંય કામ લાગ્યું ના હોય. ખાલી ઉપર સુગંધી આવી પડે એટલું જ ! મોઢામાં જલેબી પેઠીયે નહીં ને સુગંધી આવી એટલું જ !

કાચું રાખવું હોય તો એ પેલો રસ્તો સરળ છે, મીઠાશેય સારી પડશે. પણ પોતે જો સહેજ કાચો પડે ને, તો એ અહંકાર ને બધા મહીં બેસી જ રહ્યા હોય તરાપ મારીને, કે ક્યારે ખોરાક મળી જાય ! મહીં અહંકાર ખોરાક ખોળતો જ હોય. એ તો દરેકનેય પેલો અહંકાર તો બેસી રહેલો જ હોય. અહંકાર ચઢી બેસે ને, તો પછી દલાલી એકલી ના ખોળે. અત્યારે તો દલાલી ખોળે છે, પણ પછી તો આખી મૂડી અને તમને પોતાને હઉ ખાઈ જાય ! એ તો એની મેળે મહીં છે જ. એટલે જાણ્યા કરવું કે એ અહંકારની હાજરી છે, ત્યાં સુધી બીજા કશા ભાગમાં પડશો નહીં. અહંકારને 'સ્કોપ' મળે એવો રસ્તો આપશો નહીં.

આપણા જ્ઞાનનો એક વાળ જેટલું કહેવા જાય તો લોકો તૂટી પડે (મંત્રમુગ્ધ થઈ જાય). લોકોએ આવી શાંતિ જોઈ નથી, આવું સાંભળ્યું નથી, એટલે તૂટી પડે ને! અને પેલો અહંકાર મહીં બેઠો બેઠો હસ્યા કરે, 'હા, ચાલો, આપણો ખોરાક મળ્યો !' અનાદિથી ખોળતો હોય ! પૂર્ણાહુતિ કરવી છે કે અધૂરું રાખવું છે ? કાચું રાખવું છે ? પૂરું કરવું હોય તો કોઈ જગ્યાએ કાચા ના પડશો. કોઈ પૂછે ને, તોય કાચા ના પડશો.

**પ્રશ્નકર્તા :** આ અહંકારનો રસ જે વધારે ચાખી જાય, એને લીધે પાછું આવું પડવાનું થાય ને ?

**દાદાશ્રી :** હાસ્તો ને ! આ તો બધી મીઠાશ આવે. અહંકાર જ આ બધું કરાવડાવે છે આપણી પાસે કે 'આ તો બહુ સારું છે, બહુ સારું છે, લોકોને ગમ્યું.' જ્યાં મીઠું લાગે ને, ત્યાં જાણવું કે આ માર પડવાનો થયો.

'ઈગોઈઝમ'નો મહીં રસ ના પડવો જોઈએ, બુદ્ધિનો રસ ના પડવો જોઈએ. એમાં પછી બુદ્ધિનો અભાવ થવો જોઈએ, 'ઈગોઈઝમ'નો અભાવ થવો જોઈએ. અને તે પણ અભ્યાસ થવો જોઈએ ત્યારે કામનું ! ત્યાં સુધી ધીરજ પકડવી સારી !

## પૂર્ણતા વિના પછાડે 'ઉપદેશ'

જ્યાં સુધી પૂર્ણાહુતિ ના થાય ત્યાં સુધી (જ્ઞાન સંબંધી) બોલવાની વાતમાં પડશો નહીં. એમાં પડવા જેવી વસ્તુ નથી એ. હા, આપણે કોઈને એટલું કહી શકીએ કે 'ત્યાં આગળ સત્સંગ સારો છે. આમ છે, તેમ છે, ત્યાં આગળ જાવ.' આટલી વાતચીત કરવી. ઉપદેશ તરીકે ના અપાય. એ ઉપદેશ આપવા જેવી વસ્તુ ન્હોય. કારણ કે આ 'અક્રમ વિજ્ઞાન' છે.

આ 'દાદા'નું જ્ઞાન જે પામ્યા છે, એ જ્ઞાનથી માલ નીકળે ને, એ સાંભળીને તો જગત બધું ધરી દે. અને ધરી દે એટલે શું થાય ? લપટાયો પછી ! બધા પેલા ઉપશમ થયેલા ને, તે ફટાફટ જાગી ઊઠે. આકર્ષણવાળી વાણી છે આ. આ જ્ઞાન આકર્ષક છે. માટે મૌન રહેવું. જો પૂરું હિત કરવું હોય તો મૌન રહેવું. અને દુકાન કાઢવી હોય તો બોલવાની છૂટ છે અને દુકાન ચાલવાનીય નથી. દુકાન કાઢશો તોય નહીં ચાલે, ઊડી જશે. કારણ કે 'આપેલું જ્ઞાન' છે

ને, તે ઊડી જતાં વાર નહીં લાગે. દુકાન તો પેલા ક્રમિક માર્ગમાં ચાલે. બે અવતાર, પાંચ અવતાર કે દસ અવતાર ચાલે ને પછી એય ઊડી જાય. દુકાન કાઢવી એટલે સિદ્ધિ વેચવી. આવેલી સિદ્ધિને વેચવા માંડી, દુરુપયોગ કર્યો !

ગોશાળો જે હતો ને, એ તો પહેલા મહાવીર ભગવાનનો શિષ્ય હતો, ખાસ, 'સ્પેશિયલ' શિષ્ય. પણ છેવટે એ સામો થઈને ઊભો રહ્યો. ગોશાળો મહાવીર ભગવાન પાસે બહુ વખત રહ્યો. પછી એને એમ લાગ્યું કે મને આ બધું જ્ઞાન સમજાઈ ગયું, એટલે ભગવાનથી છૂટો પડીને કહે છે કે 'હું તીર્થંકર છું, એ તીર્થંકર નથી.' અને કેટલીક વખત એવુંય બોલતો હતો કે, 'એય તીર્થંકર છે ને હુંય તીર્થંકર છું.' હવે એ રોગ પેઠો, પછી શી દશા થાય એની ?

હવે મહાવીર ભગવાન પાસે હતો તોય ત્યાં પાંસરો ના રહ્યો, તો અમારી પાસે બેઠેલો શી રીતે પાંસરો રહે ? જો કાચું કપાય તો શી દશા થાય ? અને તે તો ચોથા આરાની વાત હતી. આ તો પાંચમો આરો, અનંત અવતાર ખરાબ કરી નાખે.

અનાદિથી આવા જ માર ખાધા છે ને, લોકોએ ! આના આ જ માર ખા ખા કર્યા છે. જરાક સ્વાદ મળી ગયો કે ચઢ્યો જ છે ઉપર !

## પૂજાવાની કામના એ મોટામાં મોટો રોગ

પૂજાવાની કામના તમને ઊભી થાય છે ખરી ? કહેજો, હું દબાવી આપીશ. હા, એ મૂળિયું કાપી નાખીએ એટલે પછી બંધ થઈ જાય. એ કામના બહુ જોખમ છે. કામના ઊભી થતી નથી ને ? કો'ક દહાડો ઊભી થવા ફરશે, હં કે ! માટે જોખમ છે એવું માનીને ચાલજો. કારણ કે લોકો જે' જે' કરે ને, એટલે ચાની પેઠ ટેવ પડી જાય. પછી જ્યારે ના મળે ને, ત્યારે મૂંઝાય. ત્યાર પછી બનાવટ કરીનેય પણ જે' જે' કરાવડાવે. એટલે જોખમ છે, ચેતતા રહેજો. શેની ભીખ છે ? પૂજાવાની ભીખ. અને આમ જે' જે' કરે એટલે ખુશ. અલ્યા, આ તો નર્કે જવાની નિશાનીઓ ! આ તો બહુ જ જોખમદારી ! એવી ટેવ પડેલી હોય, તે જાય નહીં.

**પ્રશ્નકર્તા :** પોતાને પૂજાવાની કામના છે કે નહીં, એની પોતાને કેવી રીતે ખબર પડે ?

**દાદાશ્રી :** બધુંય પોતાને ખબર પડે. એને શું ભાવે છે તે ખબર પડે. આઈસક્રીમ ભાવે છે એ નથી ખબર પડતી ? મહીં થર્મોમિટર છે આત્મા, તે બધું ખબર પડે.

આજના જીવો લાલચુ બહુ છે. તે પોતાનું જ ઊભું કરે છે બધે ઠેર ઠેર, પૂજાવાનું બધું ઊભું કરે છે. અને પૂજાવાવાળા પછી નવું ધારણ કરી શકતા નથી સાચી વાત. જ્યાં ને ત્યાં લોકો દુકાન માંડીને બેસી ગયા. અને પૂજાવાની કામના અંદર ભરાઈ રહેલી હોય કે કેમ કરીને મને જે' જે' કરે.જે' જે' કરે એટલે એને ગલગલિયાં થાય, એવી મઝા (!) આવે, ખરેખરી !

ઊંધો રસ્તો છે એ બધો. પૂજાવાની કામના, એના જેવો ભયંકર કોઈ રોગ નથી. મોટામાં મોટો રોગ હોય તો પૂજાવાની કામના ! કોને પૂજવાનો હોય ? આત્મા તો પૂજ્ય જ હોય. દેહને પૂજવાનો રહ્યો જ ક્યાં પછી ? પણ પૂજાવાની ઈચ્છાઓ-લાલચો છે આ બધી. દેહને પૂજાવીને શું કાઢવાનું ? જે દેહને બાળી મેલવાનો, એને પૂજાવીને શું કાઢવાનું ? પણ એ લાલચ એવી કે 'મને પૂજે.' એટલે આ પૂજાવાની લાલસાઓ છે. નહીં તો મોક્ષ કંઈ અઘરો નથી. આ દાનતો હોય છે ને, તે અઘરી છે.

એવી ઈચ્છા થાય તોય ભયંકર ગુનો છે. એવી ઈચ્છા કોઈ દહાડો થયેલી ? થોડી મહીં ગલીપચી થાય ? આ તો અમે ચેતવીએ. ના ચેતવીએ તો પછી પડી જાય ને ! સારી જગ્યા પર આવ્યા પછી પડી જાય તો પછી નકામો થાય, 'યુઝલેસ' થાય અને વાગેય બહુ. નીચે હોય ને પડે

તો વાગે નહીં બહુ. બહુ ઊંચે દોડ્યો હોય, તે પડે તો વાગે બહુ. એટલે જ્યાં છો ત્યાં રહેજો, નીચે ના ઉતરશો પાછા.

તમારો સ્વતંત્ર શબ્દ કશું લાવશો નહીં. અહીંથી લઈ જઈને તે જ શબ્દ વાપરજો; સ્વતંત્ર-નવો મૂકશો નહીં. નવું સ્ટેશનેય બાંધશો નહીં, કે બાંધ્યું છે ? પાયા ખોદ્યા નથી ? નથી બાંધ્યું ? ચેતવણી તો હોવી જોઈએ ને ! નહીં તો ક્યાંય જઈને ઊભા રહેશો ! હજુ તો માર્ગ બહુ જુદી જાતનો છે આ. અને કેટલી બધી આમ લોભામણી જગ્યાઓ આવે છે ! કોઈ દહાડો જોઈ ના હોય એવી લોભામણી જગ્યાઓ આવે છે. તે મોટા મોટા છેતરાયા ત્યાં તમારું શું ગજું ? એટલે આ 'દાદા ભગવાન'ના માર્ગથી ચાલો બરાબર. હેય ! 'ક્લિયર રોડ ફર્સ્ટ ક્લાસ' ! જોખમ નહીં, કશું નહીં !

## સમજણ હિતાહિતની

અત્યારે તો સાંસારિક હિતનું ભાન કોને કહેવાય ? જેને નૈતિકતાનું ધોરણ હોય, પ્રમાણિકતાનું ધોરણ હોય, જેને લોભ નોર્મલ હોય, જેનામાં કપટ ના હોય, માન પણ નોર્મલ હોય, એને સાંસારિક હિતનું ભાન કહેવાય. બાકી એબ્નોર્મલ લોક હોય, તેને હિતનું ભાન તે રહેતું હશે ? લોભાંધ થયેલો હોય, તે કોની જોડે માથું અથડાવશે તે શું કહેવાય ? સાંસારિક હિતનું ભાન હોય તેને માણસ કહેવાય. બાકી આમનો તો ફોટો પાડે તો લોક કહે ખરાં કે માણસનો ફોટો છે, પણ મહીં માણસના ગુણ નથી.

આપણે તો મનુષ્ય અવતારમાં શું કામ કરવાનું છે ? ત્યારે કહે કે મોક્ષ હેતુ પૂરતું, એટલું જ કામ પૂરું કરવાનું હોય છે. મોક્ષના હેતુ માટે જે સાધન મળી આવે એ સાધનની આરાધના માટે આ મનુષ્યદેહ હોય છે.

## જ્ઞાનીની સમજણે સમજણ મેળવવી

'જ્ઞાની પુરુષ'ની સમજણથી પોતાની સમજણ મેળવવાની છે, 'પેરેલલ ટુ પેરેલલ', નહીં તો 'રેલવે લાઈન' ઊડી જશે. 'પોતાની' સમજણ તો નાખવાની જ નથી. મહીં સમજણ છે જ નહીં ને ! એક આંકડાનીય સમજણ નથી. પોતાની સમજણ તો આમાં ચલાવવાની છે જ નહીં. પોતાનામાં સમજણ જ નથી ને ! કશું જ સમજણ નથી. જો સમજણ હોત ને, તો ભગવાન થઈ જાત !

આ તો ક્રોધ-માન-માયા-લોભ બધાય દબાયેલા છે. એય હજુ બરોબર લાગમાં આવે ને, તો ભભૂકી ઊઠે. આ ક્રોધ-માન-માયા-લોભને ત્રણ વર્ષ સુધી જો ખોરાક ના મળે તો એની મેળે જ પછી ભાગી જાય, આપણે કહેવું જ ના પડે.

**પ્રશ્નકર્તા :** આ બધો ખોરાક કષાયો જ ખઈ જાય, તો શું કરવું ?

**દાદાશ્રી :** એ તો જમી જાય. છતાં 'દાદાજી' માથે છે, કૃપાથી બધું ચોખ્ખું થાય એવું છે. જાતે આ સત્સંગમાંથી આઘાપાછા થાવ તો તરત ચોંટી પડશે બધું. આપણે તો 'દાદાજી'નો આશરો છોડવો નહીં, પગ છોડવા નહીં.

## કલ્યાણ કાજે ખપે આજ્ઞા પાળવાની પ્યૉરિટી

**પ્રશ્નકર્તા :** તો અમને લિફ્ટમાં બેસાડી દેશો ને ? બાકીની જવાબદારી તમારીને ?

**દાદાશ્રી :** બધી જવાબદારી અમારી. પાંચે આજ્ઞા પાળે તો મહાવીર ભગવાન જેવી દશા રહે, એ હું લખી આપું. પાંચ આજ્ઞા પાળે ને તો હું ગેરન્ટી લખી આપું કે મહાવીર ભગવાન જેટલી સમાધિ રહેશે તમને ! પણ પાંચને બદલે એક પાળો ને, તોય જવાબદારી અમારી છે. એ પાંચ જ વાક્યોમાં આખા વર્લ્ડનું સાયન્સ આવી જાય છે.

અક્રમ એટલે ચોવીશ તીર્થંકરનો ચોખ્ખો માર્ગ, બિલકુલ પ્યૉર ! પ્યૉરિટી, સહેજેય ઈમ્પ્યૉરિટી નહીં, સો ટચનું ગોલ્ડ ! અક્રમ માર્ગ તો હોય નહીં ને !

પોતે (જ્ઞાની પુરુષ) જો ચોખ્ખા છે બધી રીતે, તો તમારામાં શક્તિ ન હોય તો આવવાની જ છે. જ્ઞાની પુરુષના હાથે જે થયેલું હોય એનું વચનબળ હોય.

## પસ્તાવા લઈ કરી નાખો ચોખ્ખું

આ કાળમાં હજુ કંઈક સમજવા જેવું છે. હવે કાળ એવો આવી રહ્યો છે, કે લગભગ બે-ત્રણ હજાર વર્ષ સુધી સારું ચાલશે. બહુ ઊંચી સ્થિતિ આવશે, ભગવાન મહાવીરના સમય જેવી સ્થિતિ આવશે. માટે તે અરસામાં લાભ ઊઠાવી લો તો કામનું છે. હવે નવેસરથી પરિણતિ ફેરવવી કે હવે જ્ઞાની માટે જ જીવવું છે. બીજું બધું તો હિસાબ છે ને તે મળ્યા કરવાનો છે, તમારે તમારું કાર્ય કર્યા કરવાનું. ફળ તો તેનું મળ્યા જ કરવાનું છે. બીજા બધા ભાવ, બીજી પરિણતિ ફેરવવા જેવી છે. બાકી જોડે લઈ જવાના છો આ બધું ?

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** એટલે એવું છે ને, જે કાંઈ ખોટું કર્યું એનો પસ્તાવો કરો. હજુ પસ્તાવો કરશો તો આ દેહે પાપો ભસ્મીભૂત કરી શકશો. પસ્તાવાનું જ સામાયિક કરો. કોનું સામાયિક ? પસ્તાવાનું જ સામાયિક. શું પસ્તાવો ? ત્યારે કહે, મેં લોકોના પૈસા ખોટા લીધા તે બધા જેના લીધા હોય તેનાં નામ દઈને, એમનું મોઢું યાદ કરીને, વ્યભિચાર કર્યો, દૃષ્ટિ બગાડી, ફલાણું કર્યું, એ બધાં પાપો ધૂઓ, તો હજુ ધોઈ શકો છો.

## કામ કાઢી લો

ગમે તેટલા રૂપિયા હશે પણ છેવટે રૂપિયા કંઈ જોડે આવે નહીં, માટે કંઈક કામ કાઢી લો. હવે ફરી મોક્ષમાર્ગ મળે નહીં. એક્યાસી હજાર વર્ષ સુધી મોક્ષમાર્ગેય હાથમાં આવવાનો નહીં. આ છેલ્લામાં છેલ્લું 'સ્ટેન્ડ' છે, હવે આગળ 'સ્ટેન્ડ' નથી.

અમારું આપેલું જ્ઞાન એ તો એક્ઝેક્ટ એની જગ્યાએ છે. તમને દૃષ્ટિગમ જેટલું થયું એટલું તમારું. બીજું દૃષ્ટિગમ થયું નથી. મૂળ સ્વરૂપે જે જ્ઞાન આપેલું, એ મૂળ સ્વરૂપની તમને એક્ઝેક્ટનેસ હજુ આવી નથી પૂરેપૂરી. ત્યાં સુધી વધે છે એવું લાગે. નહીં તો આ જ્ઞાન તો તેનું તે જ છે, મૂળ સ્વરૂપે જ છે. પણ મૂળ સ્વરૂપે જ્યારે એક્ઝેક્ટનેસ આવશે ત્યારે પછી વધ-ઘટ નહીં રહે પછી. આ વધ-ઘટ શું છે ? તમને જે દૃષ્ટિ મળે છે તે વધે છે દહાડે-દહાડે. મૂળ સ્વરૂપે થવા માંગે છે. જેમ આપ્યું હતું તેમ, તે સ્વરૂપે થવા માંગે છે.

## હાર્ટની પ્યૉરિટી પમાડે મૂળ સ્વરૂપ

**પ્રશ્નકર્તા :** અમને બધાને તમે ભગવાન બનાવવા માંગો છો, એ તો જ્યારે બનીએ ત્યારે ખરું, પણ અત્યારે નથી થયા ને ?

**દાદાશ્રી :** પણ એ થશે ને, કારણ કે આ અક્રમ વિજ્ઞાન છે ! જે બનાવનારો છે એ નિમિત્ત છે. અને બનવાની જેને ઈચ્છા છે, એ જ્યારે બે ભેગા થયા કરશે, તો એ થશે જ ! બનાવનાર ક્લિયર છે અને આપણું ક્લિયર છે, આપણી દાનત બીજી નથી. એટલે એક દહાડો બધા અંતરાય તૂટી જશે ને ભગવાન થઈને ઊભો રહેશે, જે આપણું મૂળ સ્વરૂપ જ છે !

અહીં બધી જ (છેલ્લી દશા પામવા સુધીની) તૈયારી છૂટી મૂકેલી છે. જેટલી તમારા 'હાર્ટની પ્યૉરિટી', જેટલું તમે (પ્યૉરિટીમાં રહીને) બટન દબાવો, એટલું તૈયાર ! એટલે તમારે બટન દબાવવાની વાર છે.

લોકોનું કલ્યાણ તો ક્યારે થાય ? આપણે ચોખ્ખા થઈએ તો, બિલકુલ ચોખ્ખા ! પ્યૉરિટી એ જ બધાનું, આખા જગતનું આકર્ષણ કરે ! પ્યૉરિટી ! પ્યૉર વસ્તુ જગતનું આકર્ષણ કરે, ઈમ્પ્યૉર વસ્તુ જગતને ફ્રેક્ચર કરે. એટલે (સંપૂર્ણ) પ્યૉરિટી લાવવાની !

**- જય સચ્ચિદાનંદ**

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૧૨-૧૩ ઓગષ્ટ :** પૂજ્યશ્રીના વિદેશ પ્રવાસ બાદ અડાલજ ત્રિમંદિર સંકુલમાં દાદાનગર ખાતે સત્સંગ-જ્ઞાનવિધિનો કાર્યક્રમ યોજાયો. બે મહિનાના વિરામ બાદ સત્સંગ-જ્ઞાનવિધિ યોજાવાથી દાદાનગર હોલ મહાત્મા-મુમુક્ષુઓની હાજરીથી ભરાઈ ગયો હતો. ૧૩ તારીખે યોજાયેલ જ્ઞાનવિધિમાં ૧૨૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું.

**૧૫ ઓગષ્ટ :** અડાલજ ત્રિમંદિર ખાતે જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી આનંદ-ઉલ્લાસ સાથે થઈ હતી. અમદાવાદ તેમજ આસપાસના વિસ્તારના આશરે ૧૫ હજાર જેટલા દર્શનાર્થીઓ મંદિરે ભગવાન શ્રીકૃષ્ણના દર્શનાર્થે આવ્યા હતા. 'આ અબ લોટ ચલે' નામનું જ્ઞાનવર્ધક વિશેષ પ્રેઝન્ટેશન તેમજ બાળકો માટે પપેટ શો દર ૩૦ મિનિટે દિવસ દરમ્યાન યોજવામાં આવ્યા હતા. સાંજે પૂજ્યશ્રીએ ત્રિમંદિરમાં પધારી દર્શનાર્થીઓને દર્શન આપ્યા હતા. જાયજેન્ટિક હોલમાં ગોકુળ ગામનું સુંદર મોડેલ બનાવવામાં આવ્યું હતું અને વચ્ચે શ્રી કૃષ્ણ ભગવાનની મોટી મૂર્તિ મૂકવામાં આવી હતી. રાત્રે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી વખતે જાયજેન્ટિક હોલ અને મંદિરનો સભામંડપ સંપૂર્ણ ભરાઈ ગયા હતા. રાત્રે વિશેષ ભક્તિ પછી YMHT બાળાઓ દ્વારા પરમ પૂજ્ય દાદાશ્રીએ શ્રીકૃષ્ણ ભગવાનના સાચા તત્વજ્ઞાન વિશે કહેલ વાતોને રજૂ કરતું સુંદર નાટક ભજવાયું હતું. YMHT & GNCના બાળકોએ પરેડ, રાસ અને નૃત્ય કર્યા હતા. આ વખતે પૂજ્યશ્રી દ્વારા હાઈટેક રીતે રિમોટ કંટ્રોલ દ્વારા મટકી ફોડવામાં આવી હતી. પૂજ્યશ્રીએ રિમોટથી જેવી ચાપ દબાવી કે મટકી બ્લાસ્ટ થઈને ફૂટી હતી. ત્યાર બાદ પૂજ્યશ્રીએ ભગવાન શ્રીકૃષ્ણનું પારણું ઝુલાવી જન્મોત્સવની ઉજવણી કરી હતી અને ત્યાર પછી પૂજન-આરતી-પ્રસાદ અર્પણ કર્યા હતા. બધા ત્રિમંદિરોમાં વિશેષ ભક્તિ કાર્યક્રમ સાથે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ભાવોલ્લાસપૂર્વક ઉજવણી આપ્તપુત્રો-મહાત્માઓની હાજરીમાં થઈ હતી.

**૧૮ ઓગષ્ટ - ૨૬ ઓગષ્ટ :** અડાલજ-દાદાનગર ખાતે યોજાયેલ પારાયણ દરમ્યાન આપ્તવાણી-૧૩ (ઉતરાર્ધ)ના વાંચનથી પારાયણની શરૂઆત થઈ હતી. જેમાં પ્રજ્ઞા, રાગ-દ્વેષ, વીતદ્વેષ જેવા પ્રકરણોનું વાંચન થયું હતું અને તેની વિસ્તૃત છણાવટ પૂજ્યશ્રીએ કરી હતી. આ ગહન વિષય હોવા છતાં મહાત્માઓને પારાયણમાં ખૂબ મજા આવી હતી અને ઘણી નવી સમજણ પ્રાપ્ત થઈ હતી. સંવત્સરીના દિવસે પ્રતિક્રમણ વખતે ઘણાં બધા મહાત્માઓએ વિશાળ મેદની સમક્ષ આખી જિંદગીમાં થયેલા દોષો પસ્તાવાપૂર્વક જાહેર કરી, એક-બીજાના પગે પડી માફી માંગી હતી. અંતે પૂજ્યશ્રીએ આખી જિંદગીના દોષોના પ્રતિક્રમણની સામાયિક કરાવી હતી. આ પારાયણનો કુલ ૧૦૦૦૦થી વધારે મહાત્માઓએ લાભ લીધો હતો. પારાયણ પછીના દિવસે પૂજ્યશ્રીના દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. દર્શન માટે ૮૬૦૦થી વધારે મહાત્માઓ આવ્યા હતા. આ પારાયણનું 'અરિહંત' ચેનલ પર લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું. મુંબઈ ત્રિમંદિરના બાંધકામની સંપૂર્ણ મંજૂરી મળ્યા બાદ ફરીથી બાંધકામ શરૂ થઈ મંદિર ટૂંક સમયમાં નિર્માણ થશે, એવી જાહેરાત પારાયણ દરમ્યાન કરવામાં આવી હતી.

**૮ - ૧૧ સપ્ટેમ્બર :** પૂના ખાતે પૂજ્યશ્રીના સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમને સુંદર પ્રતિસાદ મળ્યો હતો. પ્રથમ બે દિવસ સત્સંગના ટોપિક હતા ૧) ઋણાનુબંધ સે છૂટને કે લિયે પ્રતિક્રમણ ૨) સંસાર જાગૃતિ - સ્વરૂપ જાગૃતિ. મહાત્મા-મુમુક્ષુઓએ વિશેષ કરીને મરાઠી અને હિન્દી ભાષામાં પ્રશ્નો પૂછ્યા હતા. મહારાષ્ટ્રના ઘણા જિલ્લાઓમાંથી મુમુક્ષુઓ જ્ઞાન લેવા આવ્યા હતા. સ્થાનિક મહાત્માઓને પૂજ્યશ્રી સાથે મોર્નિંગ વોક અને દાદા દરબાર અંતર્ગત વાતચીત અને દર્શનનો લાભ મળ્યો હતો. કાર્યક્રમ દરમ્યાન ૧) સત્ય અસત્ય ચે રહસ્ય ૨) ચમત્કાર ૩) પૈશ્યાચા વ્યવહાર ૪) વાણી વ્યવહારાત - આ ચાર મરાઠીમાં ભાષાંતરિત પુસ્તકોનું પૂજ્યશ્રીએ વિમોચન કર્યું હતું. જ્ઞાનવિધિ દરમ્યાન ૧૨૬૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું અને ૨૫૦૦ જેટલા મહાત્માઓની કુલ હાજરી નોંધાઈ હતી. આ કાર્યક્રમ દરમ્યાન બહારગામથી આવેલા મહાત્મા-મુમુક્ષુઓ માટે આપ્તપુત્ર સત્સંગ તેમજ MMHT, WMHT, YMHT વિગેરે ગ્રુપ માટે પણ સત્સંગ યોજાયા હતા. આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગમાં ૧૦૦ જેટલા નવા જ્ઞાન લીધેલા મહાત્માઓ વધુ સમજણ પ્રાપ્ત કરવા આવ્યા હતા.

## Atmagnani Pujya Deepakbhai's Muscat-Kenya Satsang Schedule 2017

| Date | Day | City | Session | From | To | Venue | Contact No. & Email |
|---|---|---|---|---|---|---|---|
| 7 Oct | Sat | Muscat | Satsang | 07:00 PM | 09:30 PM | Krishna Temple, Darsait, Muscat, Oman | 968-95976870<br>968-99213820<br>dubai@ae.dadabhagwan.org |
| 8 Oct | Sun | Muscat | Satsang | 07:00 PM | 09:30 PM | | |
| 9 Oct | Mon | Muscat | Gnanvidhi | 06:30 PM | 09:30 PM | | |
| 11 Oct | Wed | Nirobi | Satsang | 07:30 PM | 10:00 PM | Oshwal Centre, Ring Road, Parklands, Nairobi | 254 733872387<br>254 724257078<br>info.ke@.dadabhagwan.org |
| 12 Oct | Thu | Nirobi | Gnanvidhi | 05:30 PM | 10:00 PM | | |
| 13 Oct | Fri | Nirobi | Satsang | 07:30 PM | 10:00 PM | | |
| 14 Oct | Sat | Kenya | SHIBIR | All Day | | Lake Naivasha Simba Lodge, Naivasha | 254 733872387<br>254 724257078<br>info.ke@.dadabhagwan.org |
| 15 Oct | Sun | Kenya | | | | | |
| 16 Oct | Mon | Kenya | | | | | |

### પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન' - ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ** પર દરરોજ સાંજે ૫ થી ૫-૩૦
- **'साधना' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में)
- **'डीडी'-इन्डिया** पर हर रोज़ शाम 6 से 6-30 (हिन्दी में)
- **'दूरदर्शन'-मध्यप्रदेश** पर सोम से शनि, दोपहर 3-30 से 4 ; रवि, शाम 6 से 6-30 (हिन्दी में)

**USA -Canada**
- **'TV Asia'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'SAB US'** - પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ EST

**UK**
- **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 (हिन्दी में)
- **'SAB UK'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ - Western European Time (6.30am-7am GMT)

**Singapore**
- **'SAB- International'** पर हर रोज़ सुबह 8-30 से 9 (हिन्दी में)

**Australia**
- **'SAB- International'** पर हर रोज़ सुबह 11-30 से 12 (हिन्दी में)

**New Zealand**
- **'SAB- International'** पर हर रोज़ दोपहर 1-30 से 2 (हिन्दी में)

### પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ તથા રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ પર** દરરોજ રાત્રે ૮ થી ૯
- **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)
- **'दूरदर्शन'-नेशनल** पर सोम से शनि, सुबह 8-30 से 9 ; रवि, सुबह 6-30 से 7 (हिन्दी में)
- **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर हर रोज़ रात 8-30 से 9 (हिन्दी में)
- **'दूरदर्शन'-बिहार** पर शनि से गुरु सुबह 7 से 7-30 तथा शाम 6-30 से 7 ; शुक्र शाम 5 से 5-30 (हिन्दी में)

**USA -Canada**
- **'Rishtey-USA'** पर हर रोज़ सुबह 7-30 से 8 (हिन्दी में) EST

**UK**
- **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં)
- **'Rishtey-UK'** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में) Western European Time (6am-6-30am GMT)

**Singapore**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 4-30 से 5 तथा सुबह 7 से 7-30 (हिन्दी में)

**Australia**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7-30 से 8 तथा सुबह 10 से 10-30 (हिन्दी में)

**New Zealand**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 9-30 से 10 तथा दोपहर 12 से 12-30 (हिन्दी में)

**UAE**
- **'Rishtey-Asia'** पर हर रोज़ सुबह 7-30 से 8 (हिन्दी में) UAE Time (9am-9-30am IST)

**USA-UK-Africa-Aus.**
- **'આસ્થા'** પર દરરોજ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### અડાલજ ત્રિમંદિર

**૧૯ ઓક્ટોબર** (ગુરુ), રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ - **દિવાળી** નિમિત્તે વિશેષ ભક્તિ

**૨૦ ઓક્ટોબર** (શુક્ર), સવારે ૮-૩૦ થી ૧, સાંજે ૫ થી ૬-૩૦ - **નૂતન વર્ષ** નિમિત્તે પૂજન-ભક્તિ-દર્શન

### ગાંધીનગર

**૨૮ ઓક્ટોબર** (શનિ) - સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **સત્સંગ** (ટોપિક - વિરોધાભાસ માન્યતાઓ સામે - **માર્ચ ૨૦૦૩**)

**૨૯ ઓક્ટોબર** (રવિ) - સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**૩૦ ઓક્ટોબર** (સોમ) - ૭-૩૦ થી ૧૦-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** ચ-૩ સર્કલ પાસેનું ગ્રાઉન્ડ, એસ.ટી. બસ ડેપો પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર. **સંપર્ક :** ૯૪૨૭૬૦૯૨૪૫

## પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૦મો જન્મજયંતી મહોત્સવ - રાજકોટ શહેરમાં

**૧ નવેમ્બર -** સાંજે ૫-૩૦ વાગે **- સ્વાગત સમારોહ,** સાંજે ૭-૧૫ થી ૮-૧૫ - **સત્સંગ**

**૨ નવેમ્બર -** સવારે ૯-૩૦ થી ૧૨ **- સત્સંગ** (ટોપિક - ખેંચની પકડે પકડાયા પોતે - **માર્ચ ૨૦૧૧**)
સાંજે ૭-૩૦ થી ૧૦ - **સત્સંગ** (ટોપિક - અદ્ભૂત અક્રમ જ્ઞાન, અજાયબ અક્રમ જ્ઞાની - **ડિસે. ૨૦૦૩**)

**૩ નવેમ્બર -** સવારે ૮ થી ૧, સાંજે ૪-૩૦ થી ૬-૩૦ - **જન્મજયંતી નિમિત્તે વિશેષ પૂજન-દર્શન-ભક્તિ**

**૪ નવેમ્બર -** સવારે ૯-૩૦ થી ૧૨ - **સત્સંગ** (ટોપિક - આત્મદ્દષ્ટિના પુરુષાર્થની શ્રેણીઓ - **જુલાઈ ૨૦૦૨**)
સાંજે ૭-૩૦ થી ૧૦ - **સત્સંગ** (ટોપિક - મુક્તિનું શ્રેષ્ઠ અંગ ક્લેશ ભાંગવો તે - **જૂન ૨૦૦૯**)

**૫ નવેમ્બર -** સવારે ૯-૩૦ થી ૧૨ - **સત્સંગ,** સાંજે ૪-૩૦ થી ૮ - **જ્ઞાનવિધિ**

*તા. ૬ થી ૮ નવેમ્બર - ચિલ્ડ્રન પાર્ક - થીમ પાર્ક તથા ભોજનશાળા-ફુડકોર્ટ ફક્ત સ્થાનિક લોકો માટે ચાલુ રહેશે.*

**સ્થળ** : ગ્રીનલેન્ડ ચોકડી, રાજકોટ-મોરબી રોડ, રાજકોટ. **સંપર્ક :** ૯૪૨૬૨૬૭૩૬૫

*નોંધ - કૌંસમાં લખેલ જે તે મહિના-વર્ષની દાદાવાણી આ ટોપિક પર છે. વાંચન અને રેફરન્સ માટે દર્શાવેલ છે.*

**બહારગામથી આવનાર મહાત્મા-મુમુક્ષુઓને વ્યવસ્થા માટે ખાસ સૂચનાઓ**

(૧) આ મહોત્સવમાં ભાગ લેવા તા. ૨૧ ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં પોતાના સેન્ટરમાં તથા જ્યાં નજીકમાં સત્સંગ સેન્ટર નથી એમણે અડાલજ ત્રિમંદિર ૦૭૯-૩૯૮૩૦૪૦૦ નં. (સવારે ૯ થી ૧૨ તથા બપોરે ૩ થી ૬) પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. (૨) જે મહાત્માઓ પાસે દાદા ભગવાન પરિવારનું પરમેનન્ટ આઈ-કાર્ડ છે, એમણે આઈ-કાર્ડ અવશ્ય સાથે લેતા આવવું. (૩) મહોત્સવમાં ભાઈઓ-બહેનો માટે અલગ-અલગ ઉતારાની વ્યવસ્થા હોઈ શકે, માટે પોતપોતાનો સામાન જુદો લાવવો. (૪) **ઓઢવા-પાથરવાનું, એર પીલો (ઓશીકું), બેટરી, જરૂરી દવાઓ વિગેરે સાથે લેતાં આવવું. ગાદલાની વ્યવસ્થા નથી.**

### સુરેન્દ્રનગર

**૮ નવેમ્બર** (બુધ) - રાત્રે ૮ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ** તથા **૯ નવેમ્બર** (ગુરુ) - સાંજે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ**

**૧૦ નવેમ્બર** (શુક્ર) - રાત્રે ૮ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** ભક્તિનગર સર્કલ ગ્રાઉન્ડ, ૮૦ ફૂટ રોડ, સુરેન્દ્રનગર (ગુજરાત). **સંપર્ક :** ૯૯૭૯૬૮૦૪૭૧

### ભુવનેશ્વર

**૨૫ નવેમ્બર** (શનિ) - સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૨૬ નવેમ્બર** (રવિ) - સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**૨૭ નવેમ્બર** (સોમ) - સાંજે ૬ થી ૮-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળની વિગત માટે સંપર્ક કરો.** **સંપર્ક :** ૯૫૮૨૦૮૮૬૨૬, ૮૭૬૩૦૭૩૧૧૧

---

ત્રિમંદિરોના સંપર્ક : **અડાલજ :** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ :** ૯૯૨૪૩૪૫૫૮૮; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨
**ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭
અન્ય સેન્ટરોના સંપર્ક : **અમદાવાદ :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧
**U.S.A.-Canada:** +1 877-505-DADA(3232); **U.K.:** +44 330-111-DADA(3232); **Australia :** +61 421127947

ઓક્ટોબર ૨૦૧૭
વર્ષ-૨૩, અંક-૨
સળંગ અંક-૨૬૬

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/23/2015
Valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## અક્રમમાં લપસવાના ત્રણ સ્થાનકો

જ્ઞાન મળ્યા પછી સંસારમાં લપસી પડવાની ત્રણ જ વસ્તુ છે. બીજું બધું ખાજો-પીજો, કપડાં પહેરજો, ચશ્મા પહેરજો, સિનેમા જોવા જજો, ગમે તે વસ્તુ ખાજો પણ એક માંસાહાર કરાય નહીં. બીજું, બ્રાંડી (દારૂ)નો છાંટો અડાય નહીં અને ત્રીજું, પરસ્ત્રી નહીં. પરસ્ત્રીનો વિચાર આવે તોય પ્રતિક્રમણ કરવું. આ ત્રણ જ વસ્તુ પડવાના સ્થાનક છે, બીજા કશા પડવાના ભયસ્થાનક નથી. પડવાના એટલે ફરી ઠેકાણું નહીં પડે. બીજું તો ધંધા-રોજગાર કરો, બધું કરો, ચા પીવો તેનો વાંધો નથી. પેલો કેફ તો ના ચડાવે ને ! આ દારૂ પીવો તો આત્મા બેભાન થઈ જાય એટલે થઈ રહ્યું. પછી જ્ઞાન બધું ખલાસ થઈ ગયું ! પછી નર્કગતિ થાય એની અને પર-સ્ત્રીમાંય એવું. પર-સ્ત્રીસંબંધમાં નિવેડોય ના થાય, આ દારૂ સંબંધમાં નિવેડોય ના થાય અને માંસાહાર સંબંધમાં નિવેડોય ના થાય. માટે આ નોંધી રાખજો.

- દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.